CMYK CMYK

RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ મહા સુદ -૩ બુધવાર, તા.૨૧-૦૧-૨૦૨૬ અંક : ૬૯ વર્ષ : ૨૩ news@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮


# અલવિદા અંતરિક્ષ : સુનિતા વિલિયમ્સે નાસામાંથી લીધી નિવૃત્તિ

## ૨૭ વર્ષની લાંબી કારકિર્દી બાદ કરી નિવૃત્તિની જાહેરાત : કારકિર્દી દરમિયાન સુનિતા વિલિયમ્સે ૬૦૮ દિવસ અવકાશમાં વિતાવ્યા

વોશિંગ્ટન

ભારતીય મૂળના જાણીતા મહિલા અંતરીક્ષયાત્રી સુનિતા વિલિયમ્સ હવે નાસામાંથી નિવૃત્ત થયા છે. ૨૭ વર્ષની લાંબી અને પ્રેરણાદાયી કારકિર્દી બાદ, ડિસેમ્બર ૨૦૨૫ના અંતમાં તેમણે સત્તાવાર રીતે વિદાય લીધી છે. નાસાના એડમિનિસ્ટ્રેટર જેરેડ આઈઝેકમેને બુધવારે આ અંગેની જાહેરાત કરતા તેમને 'અંતરીક્ષ વિજ્ઞાનના પથદર્શક' ગણાવ્યા હતા.



નિવૃત્તિ સમયે ભાવુક થતા સુનિતા વિલિયમ્સે જણાવ્યું કે, 'નાસામાં મારી ૨૭ વર્ષની કારકિર્દી અદભૂત રહી છે. સ્પેસ સ્ટેશન પર અમે જે વિજ્ઞાન અને પાયો તૈયાર કર્યો છે, તે ભવિષ્યના ચંદ્ર અને મંગળ મિશન માટે રસ્તો સરળ બનાવશે. હવે નાસા ઈતિહાસ રચશે તે જોવા માટે હું આતુર છું.'સુનિતા વિલિયમ્સનું છેલ્લું મિશન ખૂબ જ ચર્ચામાં રહ્યું હતું. જૂન ૨૦૨૪માં તેઓ બોઈંગ સ્ટારલાઈનરના પ્રથમ માનવ પરીક્ષણ માટે અવકાશમાં ગયા હતા. જોકે, ટેકનિકલ ખામીને કારણે આ ટૂંકું મિશન ૯ મહિના સુધી ખેંચાયું હતું. આખરે માર્ચ ૨૦૨૫માં તેઓ સ્પેસએક્સ(SpaceX)ના ક્રૂ-૯ મિશન દ્વારા સુરક્ષિત રીતે પૃથ્વી પર પાછા ફર્યા હતા.સુનિતા વિલિયમ્સના પિતા દીપક પંડ્યા એક જાણીતા ન્યુરોએનાટોમિસ્ટ હતા. તેમનો જન્મ ગુજરાતના મહેસાણા જિલ્લાના ઝુલાસણ ગામમાં થયો હતો, પરંતુ બાદમાં તેઓ અમેરિકા સ્થાયી થયા હતા. ત્યાં તેમણે સ્લોવેનિયન મૂળના બોની પંડ્યા સાથે લગ્ન કર્યા.

### સુનિતા વિલિયમ્સે અંતરીક્ષમાં મેળવેલી સિદ્ધિઓ

૬૦ વર્ષીય સુનિતા વિલિયમ્સના નામે અવકાશમાં અનેક ઐતિહાસિક સિદ્ધિઓ નોંધાયેલી છે...

- સુનિતા વિલિયમ્સએ અંતરીક્ષમાં કુલ ૬૦૮ દિવસ વિતાવ્યા છે, જે નાસાના કોઈપણ એસ્ટ્રોનોટ દ્વારા વિતાવેલો બીજો સૌથી લાંબો સમય છે.
- આ ઉપરાંત, એક જ ઉડાનમાં સૌથી લાંબો સમય અવકાશમાં રહેનારા અમેરિકનોની યાદીમાં તેઓ છઠ્ઠા નંબરે છે. આ રેકોર્ડમાં તેઓ એસ્ટ્રોનોટ બુચ વિલમોરની બરાબરી પર છે
- આ બંનેએ બોઈંગ સ્ટારલાઈનર અને સ્પેસ-એક્સ ક્રૂ-૯ મિશન દરમિયાન સતત ૨૮૬ દિવસ અંતરીક્ષમાં વિતાવ્યા હતા.
- સુનિતા વિલિયમ્સે ૯ વખત સ્પેસવોક કરી છે, જે કુલ ૬૨ કલાક અને ૬ મિનિટની થાય છે. કોઈપણ મહિલા દ્વારા કરવામાં આવેલો આ સૌથી લાંબો સ્પેસવોક સમય છે.
- તેઓ અવકાશમાં રહીને મેરેથોન દોડનારા વિશ્વના પ્રથમ વ્યક્તિ બન્યા હતા.

## અમેરિકાથી દાવોસ જઈ રહેલા ટ્રમ્પના વિમાનમાં ટેકનિકલ ખામી : પરત ફરવું પડ્યું

વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું વિમાન, એરફોર્સ વન, મંગળવારે સાંજે સ્વિટ્ઝર્લૅન્ડ જવા રવાના થયાના લગભગ એક કલાક પછી જોઈન્ટ બેઝ એન્ડ્રુઝ પરત ફર્યું. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવિટે જણાવ્યું હતું કે ટેકઓફ પછી વિમાનમાં નાની વિદ્યુત સમસ્યાનો અનુભવ થયો, જેના કારણે સાવચેતીપૂર્વક પાછા ફરવાનો નિર્ણય લેવામાં આવ્યો. બોર્ડ પરના એક પત્રકારના જણાવ્યા અનુસાર, ટેકઓફ પછી થોડીવારમાં પ્રેસ કેબિનની લાઈટ્સ બંધ થઈ ગઈ હતી. જોકે, તે સમયે કોઈ સત્તાવાર કારણ આપવામાં આવ્યું ન હતું.



ઉડાન ભર્યાના લગભગ અડધા કલાક પછી, પત્રકારોને જાણ કરવામાં આવી કે વિમાન પરત ફરી રહ્યું છે. એરફોર્સ વન વોશિંગ્ટન, ડી.સી. વિસ્તારમાં સુરક્ષિત રીતે ઉતર્યું. ત્યારબાદ રાષ્ટ્રપતિનો સ્ટાફ બેકઅપ વિમાનમાં સ્વિટ્ઝર્લૅન્ડના દાવોસ ગયો.



ફ્રેન્ચ નૌકાદળ દ્વારા દક્ષિણ પેસેફિક સમુદ્રમાં કોકેઈનનો મોટો જથ્થો લઈને જઈ રહેલા એક જહાજને પકડી લેવામાં આવ્યું હતું.આ માછીમારી જહાજમાંથી અંદાજે પાંચ ટન કોકેઈન જપ્ત કરવામાં આવ્યું છે. નૌકાદળનું હેલિકોપ્ટર જહાજ ઉપર ફરી રહ્યું છે.

## ટોલ ટેક્સ ભરવાનો બાકી હશે તો આરટીઓ દ્વારા વાહનનું એનઓસી નહીં મળે

### નવા નિયમથી ટોલટેક્સ બાકી હશે તો વાહન માલિકને ફિટનેસ સર્ટીફીકેટ મેળવવામાં પડશે મુશ્કેલી

નવી દિલ્હી

કેન્દ્ર સરકારના માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે ઈલેક્ટ્રોનિક ટોલ વસૂલાતને વધુ સચોટ અને પારદર્શક બનાવવા માટે સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ (બીજો સુધારો) નિયમો, ૨૦૨૬ જાહેર કર્યા છે. હાઈવે પર મુસાફરી કરતા વાહન ચાલકો માટે આ સુધારામાં અત્યંત મહત્વપૂર્ણ અને કડક નિર્ણય લેવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે ટોલ ટેક્સની ચોરી અટકાવવા તથા હાઈવે પરના વ્યવહારને વધુ સરળ બનાવવાના હેતુથી નવા નિયમોમાં મહત્ત્વપૂર્ણ સુધારા કર્યા છે. નવા નિયમોની મુખ્ય જોગવાઈ મુજબ હવેથી ટોલ ટેક્સની ચુકવણીને વાહનની આરટીઓ સેવાઓ સાથે સીધી રીતે લિંક કરી દેવામાં આવી છે. જો તમારા વાહનનો ટોલ બાકી હશે, તો વાહનના માલિકને પોતાના વાહન માટે નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવી શકશે નહીં. વાહનનું ફિટનેસ પ્રમાણપત્ર રિન્યૂ કરવામાં અવરોધ આવશે. નવા નિયમ મુજબ હવે વાહન માલિકે ફોર્મ ૨૮ ભરતી વખતે સ્વયં જાહેર કરવું પડશે કે તેમના વાહન પર કોઈ ટોલ બાકી નથી. નિયમો કડક કરવાની સાથે સરકારે જનતાની સુવિધા માટે ફોર્મ ૨૮ ના કેટલાક વિભાગો ઓનલાઈન પોર્ટલ દ્વારા ઈલેક્ટ્રોનિક રીતે જારી કરવાની મંજૂરી આપી છે. આનાથી આરટીઓ કચેરીના ધક્કા ઘટશે અને પ્રક્રિયા ઝડપી બનશે. સરકારના આ પગલાથી માત્ર આવકમાં જ વધારો નહીં થાય, પરંતુ હાઈવે પર લાગતા ટ્રાફિક જામની સમસ્યામાં પણ મોટો ઘટાડો થશે. વાહન માલિકોએ હવે હાઈવે પરથી પસાર થતી વખતે તેમના ફાસ્ટેગ અથવા ટોલ એકાઉન્ટમાં પૂરતું બેલેન્સ રાખવું અનિવાર્ય બનશે.

## ઉત્તરપ્રદેશમાં દેશનું સૌથી મોટું એઆઈ આધારિત ડેટા સેન્ટર બનશે

નવી દિલ્હી

ઉત્તર પ્રદેશમાં દેશનાં સૌથી મોટા એઆઈ આધારિત ડેટા સેન્ટરની રચના કરવામાં આવશે. આ સંદર્ભમાં સ્વિટ્ઝરલેન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમનાં સંમેલનમાં બીજા દિવસે રાજ્ય સરકારનાં પ્રતિનિધિમંડળ અને એએમ ગ્રીન સમૂહની વચ્ચે ૨.૨૭ લાખ કરોડ રૂપિયાથી વધુના રોકાણ અંગે સમજૂતી પર સહી કરવામાં આવી છે. કંપની ગ્રેટર નોઈડામાં કોમ્પ્યુટર ડેટા કેન્દ્રની રચના કરશે. ઉત્તર પ્રદેશ સરકારનું એક પ્રતિનિધિ મંડળ નાણાકીય પ્રધાન સુરેશ ખન્નાનાં નેતૃત્ત્વમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમનાં સંમેલનમાં ભાગ લેવા માટે દાવોસ ગયું છે.

## આતંકવાદ સામે વિશ્વના દરેક દેશ ઝીરો ટોલરન્સ નીતિ અપનાવે : એસ.જયશંકર

નવી દિલ્હી

વિદેશ મંત્રી એસ.જયશંકરે આજે દિલ્હીમાં સ્પેનિશ વિદેશ મંત્રી જોસ મેન્યુઅલ આલ્બેરેસને મળ્યા. વાતચીત દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, ભારત અને સ્પેન બંને આતંકવાદનો ભોગ બન્યા છે. સમગ્ર વિશ્વએ આતંકવાદ સામે શૂન્ય-સહિષ્ણુતાની નીતિ અપનાવવી જોઈએ. તેમણે બદલાતી દુનિયામાં સામાન્ય પડકારોનો સંયુક્ત રીતે સામનો કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો.

જયશંકરે ગત ૧૮ જાન્યુઆરીએ સ્પેનના કોર્ડોબામાં થયેલા ભયાનક ટ્રેન અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું હતું, જેમાં ૪૦ લોકોના મોત થયા હતા. તેમણે પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને ઘાયલોના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી હતી. આ અકસ્માત ત્યારે થયો જ્યારે એક ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ અને બીજી ટ્રેન સાથે અથડાઈ. અકસ્માતમાં સામેલ ટ્રેનોમાંથી એક લગભગ



ભારત અને સ્પેનના વિદેશ મંત્રી વચ્ચે થઈ મહત્વપૂર્ણ મુલાકાત

૩૦૦ લોકોને માલાગાથી મેડ્રિડ અને બીજી, લગભગ ૨૦૦ લોકોને મેડ્રિડથી હુએલ્વા લઈ જઈ રહી હતી.ભારત-સ્પેન સંબંધો માટે ૨૦૨૬નું વર્ષ મહત્વપૂર્ણ છે. બંને દેશો રાજદ્વારી સંબંધોના ૭૦ વર્ષની ઉજવણી કરી રહ્યા છે. આ પ્રસંગ સંસ્કૃતિ, પર્યટન અને કૃત્રિમ બુદ્ધિમત્તા એઆઈ ના બેવડા વર્ષને પણ ચિહ્નિત કરે છે. જયશંકરે આ પ્રસંગ માટે એક ખાસ લોગો પણ લોન્ચ કર્યો, જે એક સ્પર્ધા દ્વારા પસંદ કરવામાં આવ્યો હતો.

સંરક્ષણ સહયોગ પર બોલતા, જયશંકરે જણાવ્યું હતું કે "મેડ ઈન ઈન્ડિયા" ઝ-૨૯૫ એરક્રાફ્ટ આ વર્ષે સપ્ટેમ્બર પહેલા તૈયાર થઈ જશે. વડોદરામાં તેની ફેક્ટરીનું ઉદ્ઘાટન ઓક્ટોબર ૨૦૨૪ માં કરવામાં આવ્યું હતું. ભારત આવતા મહિને એઆઈ ઈમ્પેક્ટ સમિટનું આયોજન કરશે. ભારત એઆઈના યોગ્ય અને નૈતિક ઉપયોગને સમર્થન આપે છે, જે યુરોપિયન વિચારસરણી સાથે સુસંગત છે.

## ભાજપની કમાન સંભાળતા જ નીતિન નવીને બંગાળ સહિત પાંચ રાજ્યોની ચૂંટણી માટે તૈયારી શરૂ કરી

### કેરળ વિધાનસભા ચૂંટણી માટે વરિષ્ઠ નેતા વિનોદ તાવડેને ચૂંટણી પ્રભારી અને ચંડીગઢ મેયરની ચૂંટણી માટે નિરીક્ષક તરીકે નિયુક્ત કરાયા

નવી દિલ્હી

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની કમાન સંભાળતાની સાથે જ નીતિન નબીન ફૂલ એક્શન મોડમાં જોવા મળ્યા છે. પદભાર સંભાળ્યાના ગણતરીના કલાકોમાં જ તેમણે આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને વરિષ્ઠ નેતાઓની વરણી કરીને તાબડતોબ નિર્ણયો લીધા છે.

નીતિન નબીને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળ્યો, જેમાં તેમણે શ્રેણીબદ્ધ નિર્ણયો લીધા. જેમાં તેમણે કેરળ વિધાનસભા ચૂંટણી માટે વરિષ્ઠ નેતા વિનોદ તાવડેને ચૂંટણી પ્રભારી અને ચંડીગઢ મેયરની ચૂંટણી માટે નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા. શોભા કરંદલાજેને તેમની સાથે સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહ દ્વારા જાહેર કરાયેલા આદેશમાં જણાવાયું છે કે, તેલંગાણા મ્યુનિસિપલ અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે આશિષ શેલારને ચૂંટણી પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જેમાં અશોક પરનામી અને રેખા શર્મા સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. વરિષ્ઠ નેતા રામ માધવને ગ્રેટર બેંગલુરુ નાગરિક ચૂંટણીઓના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જેમાં સતીશ પુનિયા અને સંજય ઉપાધ્યાય સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.ભાજપ મુખ્યાલયમાં પાર્ટીના ૧૨મા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે જાહેરાત થયા પછી, નીતિન નબીને એક કાર્યક્રમને સંબોધિત કર્યો. તેમણે પક્ષના નેતાઓ અને કાર્યકરોને પશ્ચિમ બંગાળ સહિત પાંચ રાજ્યોમાં આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપની સફળતા સુનિશ્ચિત કરવા અને 'સનાતન પરંપરાઓ અને શ્રદ્ધા'નું રક્ષણ કરવા અને દેશને વસ્તી વિષયક ફેરફારોથી બચાવવા માટે તમામ પ્રયાસો કરવા આપીલ કરી હતી.

## જોધપુર-જેસલમેર હાઈવે ઉપર અકસ્માતમાં ગુજરાતના ચાર શ્રદ્ધાળુઓના મોત નિપજ્યા

### બસમાં સવાર તમામ મુસાફરો ગુજરાતના અરવલ્લી જિલ્લાના રમાણા રૂપણ ગામના રહેવાસી

જોધપુર:

રાજસ્થાનના જોધપુરમાં આજે એક અત્યંત હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે, જેમાં ગુજરાતના યાત્રિકોની બસ અને ટ્રક સામસામે અથડાતા મોટો હોનારત સર્જાઈ છે. જોધપુર-જેસલમેર નેશનલ હાઈ-વે ૧૨૫ પર થયેલા આ અકસ્માતમાં ચાર નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે અન્ય અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. સાંજના સમયે બનેલી આ ઘટનાને પગલે હાઈવે પર ચીસાચીસ મચી ગઈ હતી અને સ્થાનિક તંત્ર તાત્કાલિક બચાવ કામગીરીમાં જોતરાયું હતું.

મળતી માહિતી મુજબ, બસમાં સવાર તમામ મુસાફરો ગુજરાતના અરવલ્લી જિલ્લાના રમાણા રૂપણ ગામના રહેવાસી હતા. આ શ્રદ્ધાળુઓ જેસલમેર સ્થિત રામદેવરામાં બાબા રામદેવના દર્શન કરીને હર્ષોલ્લાસ સાથે પોતાના વતન પરત ફરી રહ્યા હતા. જોકે, કેરુ ગામ પાસે મુલાનાડા રોયલ્ટી નાકા નજીક કાળમુખી ટ્રકે બસને અડફેટે લેતા ખુશીનો માહોલ શોકમાં ફેરવાઈ ગયો હતો. આ અકસ્માત લગભગ સાંજે ૪:૩૦ કલાકે બન્યો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે બસનો એક બાજુનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો.

ઘટનાની જાણ થતા જ શાસ્ત્રી નગર પોલીસ સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર અકસ્માત સમયે બસમાં કુલ ૨૦ લોકો સવાર હતા, જેમાંથી ૪ લોકોના ઘટનાસ્થળે જ અથવા સારવાર દરમિયાન મોત નીપજ્યા છે. અન્ય ૧૬ મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે, જેમને તાત્કાલિક જોધપુરની મથુરાદાસ માથુર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હાલમાં હોસ્પિટલમાં ડૉક્ટરોની ટીમ ઈજાગ્રસ્તોની સઘન સારવાર કરી રહી છે.અરના ધોધ પાસે થયેલા આ ગમખ્વાર અકસ્માત બાદ હાઈવે પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી, જેને પોલીસે પૂર્વવત્ કરી હતી. હાલ મૃતકોના પરિવારજનોને જાણ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.






CMYK CMYK

# આઠ મહાનગરપાલિકાના નોન ટીપી કપાત મુદ્દે રાજય સરકારનો યુ-ટર્ન: જાન્યુઆરીથી લાગુ પડતો હુકમ રદ

## શહેરી વિકાસ સત્તામંડળના નોન–ટીપી વિસ્તારોમાં ડેવલપમેન્ટ માટે જમીન કપાતના ધોરણો ૪૦ ટકાથી ઘટાડીને ૨૦થી ૩૦ ટકા કરવાની છૂટ આપવામાં આવી હતી

ગાંધીનગર,

રાજ્ય સરકારને નવી રચાયેલી આઠ મહાનગરપાલિકાઓના નોન–ટીપી વિસ્તારમાં જમીન કપાત અંગે કરેલા નિર્ણયમાં માત્ર ૧૭ દિવસમાં જ યુ-ટર્ન લેવો પડ્યો છે. શહેરી વિકાસ વિભાગે ૧લી જાન્યુઆરીએ જાહેર કરેલો હુકમ હવે મૂળ અસરથી રદ કરી દેવામાં આવ્યો છે. આ ૧૭ દિવસ દરમિયાન જે પણ મંજૂરીઓ કે કાર્યવાહી થઈ હોય તેને પણ તાત્કાલિક રદ કરવાનો આદેશ થતાં સંબંધિત સત્તામંડળોમાં અફરાતફરી મચી ગઈ છે. રાજ્યમાં તાજેતરમાં અસ્તિત્વમાં આવેલી નવ



મહાનગરપાલિકાઓ નવસારી, મોરબી, આણંદ, સુરેન્દ્રનગર, મહેસાણા, પોરબંદર, વાપી અને નડિયાદમાં શહેરી વિકાસ સત્તામંડળના નોન–ટીપી વિસ્તારોમાં ડેવલપમેન્ટ માટે જમીન કપાતના ધોરણો ૪૦ ટકાથી ઘટાડીને ૨૦થી ૩૦ ટકા કરવાની છૂટ આપવામાં આવી હતી. આ નિર્ણય બિલ્ડરો અને જમીન માલિકોને સીધો લાભ પહોંચાડતો હોવાનું માનવામાં આવતું હતું.

પરંતુ આ છૂટ મળતાં જ વિવિધ જિલ્લાઓમાં ખેતીની જમીનોને ઝડપથી બિનખેતી કરાવવા માટે અરજીઓનો વરસાદ થયો. કલેક્ટર કચેરીઓમાં અચાનક અરજીઓના ઢગલા લાગી ગયા, જેને કારણે સરકારને શંકા ગઈ કે કપાતમાં રાહતના નામે ગેરરીતિ થવાની સંભાવના ઊભી થઈ છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શહેરી વિકાસ વિભાગે પોતાનો જ હુકમ રદ કરવાની ફરજ પડી.

સામાન્ય રીતે સરકારનો કોઈ નિર્ણય ભવિષ્યની અરજીઓ માટે લાગુ પડે છે, પરંતુ અહીં તો ભવિષ્યમાં થનારી અરજીઓને સીધો ફાયદો મળે તેવી રીતે વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી, જેના કારણે નીતિગત વિસંગતતા ઊભી થઈ. અંતે સંયુક્ત સચિવ પ્રકાશ દત્તાએ ૧૭મી જાન્યુઆરીએ નવો હુકમ કરી ૧લી જાન્યુઆરીનો આદેશ રદ કર્યો. નવા હુકમ મુજબ હવે આ આઠ મહાનગરોના નોન–ટીપી વિસ્તારોમાં ડેવલપમેન્ટ પ્લાન મંજૂર કરતી વખતે ફરીથી ૪૦ ટકા જમીન કપાતનો જ નિયમ અમલમાં રહેશે. ૧૭ દિવસના ગાળામાં જો કોઈને ૨૦ ટકા કપાતનો લાભ મળ્યો હોય તો તે મંજૂરી પણ રદ ગણાશે.

# સુરતમાં ૬ કરોડની કિંમતનું કોબ્રા ઝેર ઝડપાયું : ૭ આરોપીની ધરપકડ



## ખતરનાક ઝેર અમદાવાદના એક સોની પાસેથી લાવવામાં આવ્યું હતું અને તેને સુરતમાં વેચવાની પેરવી ચાલી રહી હતી

### સુરત એસ.ઓ.જી. અને લસકાણા પોલીસની સંયુક્ત કાર્યવાહી દરમિયાન ગુજરાતમાં પ્રથમ વખત કરોડોની કિંમતનું કોબ્રા સાપનું ઝેર ઝડપાયું

સુરત,

સુરત શહેરમાં સાપના ઝેરના ગેરકાયદે કારોબારનો ચોંકાવનારો પર્દાફાશ થયો છે. સુરત એસ.ઓ.જી. અને લસકાણા પોલીસની સંયુક્ત કાર્યવાહી દરમિયાન ગુજરાતમાં પ્રથમ વખત કરોડોની કિંમતનું કોબ્રા સાપનું ઝેર ઝડપાયું છે. પોલીસે અંદાજે ૬.૫ મિલી લીટર કોબ્રા વેનમ જપ્ત કર્યું છે, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત લગભગ ૫.૮૫ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. આ કેસમાં પોલીસે કુલ ૭ આરોપીની ધરપકડ કરી છે.

પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે આ ખતરનાક ઝેર અમદાવાદના એક સોની પાસેથી લાવવામાં આવ્યું હતું અને તેને સુરતમાં વેચવાની પેરવી ચાલી રહી હતી. આરોપીઓ લસકાણા અને સરથાણા વિસ્તારમાં આ ઝેરનું નેટવર્ક ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ પોલીસે સમયસર કાર્યવાહી કરી તેમના મનસૂબાઓ પર પાણી ફેરવી દીધું.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે સાપના ઝેરનો ઉપયોગ કાયદેસર રીતે દવાઓ બનાવવા માટે થાય છે, જેમ કે બ્લડપ્રેશર, લોહી ગંઠાવાની બીમારી અને હાર્ટ એટેકથી બચાવતી દવાઓ. જોકે છેલ્લા કેટલાક વર્ષોમાં હાઈ-પ્રોફાઈલ રેવ પાર્ટીઓમાં નશો કરવા માટે સાપના ઝેરનો ગેરકાયદે ઉપયોગ વધી રહ્યો છે, જે કાયદા અને જાહેર આરોગ્ય માટે ગંભીર ખતરો બની રહ્યો છે.

ધરપકડ કરાયેલા આરોપીઓમાં સુરતના ૨ અને વડોદરાના ૫ શખસનો સમાવેશ થાય છે. ધરપકડ કરાયેલા આરોપીઓના નામ આ મુજબ છે. મનસુખ ઘીનૈયા (ઉ. ૬૭), .ચીમન ભુવા (ઉ. ૬૦), સમીર પંચાલ (ઉ. ૪૧), પ્રવીણ શાહ (ઉ. ૭૪), કેતન શાહ (ઉ. ૫૦), મકરંદ કુલકર્ણી (ઉ. ૫૪), પ્રશાંત શાહ (ઉ. ૪૦)

પોલીસ તપાસ મુજબ આ ટોળકી સુરતમાં મેરેજ બ્યુરો ચલાવતા મનસુખ ઘીનૈયાના સંપર્કમાં હતી. અહીં કોબ્રા વેનમનો સોદો ૯ કરોડ રૂપિયામાં ફાઈનલ થયો હતો. દરેક આરોપી માટે અલગ-અલગ કમિશન નક્કી કરવામાં આવ્યું હતું, પરંતુ સોદો પૂરું થાય તે પહેલાં જ પોલીસે ફિલ્મી ઢબે દરોડો પાડી તમામ આરોપીઓને ઝડપી લીધા.

આ કેસમાં અમદાવાદ આરટીઓ સર્કલ પાસે રહેતા ઘનશ્યામ સોની મુખ્ય સૂત્રધાર હોવાનું સામે આવ્યું છે. તેણે વડોદરાના પ્રશાંત અને મકરંદને આ કોબ્રા વેનમ ઝેર વેચવા માટે આપ્યું હતું. હાલ પોલીસ તેની શોધખોળ કરી રહી છે. તેની ધરપકડ થયા બાદ જ આ ઝેર ક્યાંથી અને કઈ ગેંગ મારફતે લાવવામાં આવ્યું હતું, તેનો ખુલાસો થવાની શક્યતા છે.

આ સમગ્ર મામલે હવે ફોરેસ્ટ વિભાગને પણ તપાસમાં સામેલ કરવામાં આવ્યો છે. લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ આરોપીઓ સામે વાઈલ્ડલાઈફ (પ્રોટેકશન) એક્ટ, ૧૯૭૨ તેમજ અન્ય કડક કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. એસ.ઓ.જી.ના ડીસીપી રાજદીપ સિંહ નકુમે જણાવ્યું હતું કે, "આ વેનમ પ્રતિબંધિત છે અને આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત પ્રતિ મિલી આશરે ૯૦ લાખ રૂપિયા ગણાય છે. તેનો ઉપયોગ દવાઓ ઉપરાંત કેટલીક રેવ પાર્ટીઓમાં નશો કરવા માટે પણ થતો હોવાનું સામે આવ્યું છે. આ બાબત ખૂબ જ ગંભીર છે."

# ગુજરાત AI, ડિફેન્સ, ટેક્સ્ટાઈલ પાર્ક્સ, ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ સહિતના ક્ષેત્રોમાં નવી તકોનું અન્વેષણ કરી રહ્યું છે: હર્ષ સંઘવી

## વર્લ્ડ ઈકોનોમિક ફોરમની વાર્ષિક બેઠક ૨૦૨૬માં ઈન્ડિયન પેવેલિયનનું ઉદ્ઘાટન

દાવોસ/ગાંધીનગર,

સ્વિત્ઝર્લેન્ડના દાવોસ ખાતે વર્લ્ડ ઈકોનોમિક ફોરમની ૫૬મી વાર્ષિક બેઠક ૧૯થી ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન યોજાઈ રહી છે. આ વાર્ષિક બેઠકમાં ગુજરાત તરફથી નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્યનું પ્રતિનિધિમંડળ પહોંચ્યું છે. અહીં ઈન્ડિયા પેવેલિયન અંતર્ગત દેશના ૧૦ રાજ્યોના પ્રતિનિધિમંડળ હાજર છે, જેઓ ભારતમાં રોકાણ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને રજૂ કરીને રોકાણકારો સાથે ચર્ચા કરશે.

ગુજરાત તરફથી નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગુજરાત સૌભાગ્યશાળી છે કે શરૂઆતથી જ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના વિઝનરી નેતૃત્વનો લાભ મળ્યો છે અને ૨૦૧૪ બાદ સમગ્ર દેશ તેમના નેતૃત્વમાં વિકાસ કરી રહ્યો છે. અત્યારે વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં ભારતનું સૌથી મોટું અને મજબૂત ડેલિગેશન જોવા મળ્યું છે અને જ્યારે અમે વહેલી સવારે અહીં પહોંચ્યા, ત્યારે સમગ્ર દુનિયા વિશ્રામમાં હતી પરંતુ ભારતના રાજ્યોના ડેલિગેશન સક્રિય રીતે રોકાણકારો સાથે મીટિંગમાં ઓતપ્રોત હતા. આ અમારી પ્રતિબદ્ધતા, અમારી કાર્ય સંસ્કૃતિ અને દેશના લોકો પ્રત્યે અમારા નેતૃત્વનું સમર્પણ દર્શાવે છે.

રોકાણ માટે ગુજરાતની ક્ષમતાને ઉજાગર કરતા શ્રી હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું કે, ગુજરાતમાં રોકાણની મજબૂત પરંપરા રહી છે. વાયબ્રન્ટ ગુજરાત ૨૦૨૪માં રાજ્યમાં ?૪૫ લાખ કરોડના એમઓયુ થયા હતા અને છેલ્લા ત્રણ મહિનામાં વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંતર્ગત રાજ્યમાં ?૧૧ લાખ કરોડથી વધુના ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટરેસ્ટ આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતનું પ્રતિનિધિમંડળ અહીં કંઈક નવું શીખવા અને નવી તકોને જાણવા માટે આવ્યું છે.

# પીએમ કિસાન યોજનાના લાભાર્થી ખેડૂતો માટે આગામી ૨૨મો હપ્તો મેળવવા ફાર્મર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી

## રાજ્યના બાકી હોય તેવા ખેડૂતોને ફાર્મર રજીસ્ટ્રેશન કરાવવા ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ કરાયો

ગાંધીનગર,

કેન્દ્ર સરકાર દ્વારા પીએમ કિસાન યોજનાના લાભાર્થી ખેડૂતો માટે આગામી ૨૨મો હપ્તો મેળવવા ફાર્મર રજીસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું છે. રાજ્યના તમામ ખેડૂતોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ સહાયકારી યોજનાઓનો લાભ સરળતાથી મેળવવા માટે આ ફાર્મર રજીસ્ટ્રેશન કરાવવું ખૂબ જ જરૂરી છે. જેથી રજીસ્ટ્રેશન કરવાનું બાકી હોય તેવા રાજ્યના ખેડૂત ખાતેદારોને તાત્કાલિક ફાર્મર રજીસ્ટ્રેશન કરાવી લેવા ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ભારત સરકાર દ્વારા Digital Public Infrastructure for Agricultureના ભાગરૂપે 'એગ્રીસ્ટેક પ્રોજેક્ટ' અમલમાં મુકવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતમાં વર્ષ ૨૦૨૪-૨૫થી તમામ ખેડૂતોના રજીસ્ટ્રેશન માટે ફાર્મર રજીસ્ટ્રી શરૂ કરવામાં આવી છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવતી કૃષિ સંબંધિત વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ રાજ્યના તમામ ખેડૂતોને સરળ, પારદર્શક અને સમયસર રીતે પહોંચાડવાનો છે. ફાર્મર રજીસ્ટ્રી પર કરવામાં આવેલા રજીસ્ટ્રેશન થકી દરેક ખેડૂતને આધાર આઈડીની જેમ ૧૧ અંકનો યુનિક ફાર્મર આઈડી આપવામાં આવે છે.

# રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી વિકસાવશે અત્યાધુનિક સાયબર સર્વેલન્સ ઈકોસિસ્ટમ

ગાંધીનગર,

રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી (આરઆરયૂ) ગુજરાત પોલીસની સાયબર અને વિશ્લેષણાત્મક ક્ષમતાઓને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા માટે તૈયાર છે. યુનિવર્સિટી એઆઈ આધારિત અદ્યતન ટેકનોલોજી ઈકોસિસ્ટમ વિકસાવી રહી છે, જે સાયબર ગુનાઓની ઝડપી ઓળખ, નિવારણ અને વિશ્લેષણ માટે ઉપયોગી બનશે. આ દીર્ઘકાલીન રોડમૅપના ભાગરૂપે તાજેતરમાં ડાયરેક્ટોરેટ ઓફ કોઓર્ડિનેશન પોલીસ વાયરલેસ (ડીસીપીડબ્લૂ), દિલ્હી માટે બે દિવસીય વિશેષ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જે આવનારા સમયમાં ગુજરાત પોલીસ માટે વધુ વિસ્તૃત તાલીમ કાર્યક્રમો પૂરા પાડે છે.

ગુજરાત પોલીસના આધુનિકીકરણ માટે એઆઈ તાલીમની શરૂઆત આ બે દિવસીય કાર્યક્રમનું આયોજન સ્કૂલ ઓફ આઈટી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ સાયબર સિક્યોરિટી દ્વારા કરવામાં આવ્યું હતું, જે પોલીસિંગ કામગીરીમાં એઆઈના સંકલન માટે આગેવાની લઈ રહ્યું છે. યુનિવર્સિટીના અધિકારીઓએ જણાવ્યું કે આ વર્કશોપ માત્ર શરૂઆત છે અને આગામી સમયમાં ગુજરાત પોલીસ માટે રચનાત્મક અને શ્રેણીબદ્ધ તાલીમ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.

મુખ્ય હેતુ એક સંકલિત ટેકનોલોજીકલ ઈકોસિસ્ટમ વિકસાવવાનો છે, જે સાયબર ગુનાઓને ટ્રેક, ટ્રેસ અને વિશ્લેષણ કરી શકે. પ્રારંભિક તબક્કામાં તૈયાર થતું સિસ્ટમ પોલીસને વાયરલેસ અને ડિજિટલ કમ્યુનિકેશન ઉપકરણોમાંથી સાયબર ગુનાઓ સંબંધિત ડેટા એકત્રિત કરી તેનો વિશ્લેષણ કરવાની ક્ષમતા આપશે. ખાસ કરીને ઓનલાઈન ફ્રોડ, ફિશિંગ અને સંગઠિત સાયબર ગુનાઓના કેસોમાં તપાસની ચોકસાઈ નોંધપાત્ર રીતે વધશે. અધિકારીઓના જણાવ્યા મુજબ સાયબર ગુનેગારો દ્વારા એઆઈના વધતા ઉપયોગને ધ્યાનમાં રાખીને કાયદો અમલ કરનારી એજન્સીઓને પણ સમકક્ષ આધુનિક ટેકનોલોજી અપનાવવાની જરૂર છે.

આ પ્રોજેક્ટનો સૌથી મહત્વાકાંક્ષી પાસું એ છે કે એઆઈ આધારિત સાધનો દ્વારા સાયબર ગુનાની શોધનો સમય લગભગ ચોથા ભાગ જેટલો ઘટાડાશે. પેટર્ન રિકગ્નિશન અને પ્રિડિક્ટિવ એનાલિટિક્સના ઉપયોગથી તપાસ અધિકારીઓ પરંપરાગત પદ્ધતિઓ કરતાં ઘણી વહેલી તકે ખતરાઓ ઓળખી શકશે. ઉપરાંત, ખાસ કરીને તૈયાર થતું ડીપફેક ડિટેક્શન ટૂલ ફેરફાર કરેલ તસવીરો, વીડિયો અને તેમની મૂળ સ્રોત ઓળખવામાં મદદરૂપ થશે, જે ખોટી માહિતી અને સાયબર બ્લેકમેલિંગના કેસોમાં અત્યંત મહત્વપૂર્ણ બનશે.

# ગુજરાતમાં 'રઈશ' સ્ટાઈલથી દારૂની હેરાફેરી સ્કૂલે જતા વિદ્યાર્થીની બેગમાં પુસ્તકોના બદલે દારૂ

## લોકોએ પોલીસચોકીમાં દારૂ જમા કરાવ્યો તો મહિલા બૂટલેગર લઈ ગઈ

સુરેન્દ્રનગર,

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં ગામેગામ દેશી અને વિદેશી દારૂનો વેપલો થતો હોય એવાં દૃશ્યો ઘણીવાર સામે આવે છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકાના સરા ગામથી તો ફિલ્મ 'રઈશ' જેવી ઘટના સામે આવી છે, જ્યાં સ્કૂલે જતા એક વિદ્યાર્થીને ગ્રામજનોએ અટકાવીને બેગ ચેક કરતાં એમાં પુસ્કોના બદલે દેશી દારૂની પોટલીઓ મળી હતી. આ પોટલીઓ ગ્રામજનોએ પોલીસચોકીમાં જમા કરાવી તો બે હોમગાર્ડની હાજરીમાં મહિલા બૂટલેગર મુદ્દામાલ લઈ ગઈ હોવાના આક્ષેપ સાથે ગ્રામજનો ઉપવાસ પર બેઠા છે. આ અંગે PIને પૂછતાં તેમણે ૧૧૨માં ફોન કરવાની સલાહ આપી હતી.

આ ઘટના અંગે ગ્રામજનોના આક્ષેપ મુજબ મૂળી તાલુકાના સરા ગામે ખુલ્લેઆમ દારૂના વેચાણને લઈને આજે વહેલી સવારે કેટલાક યુવાનો એકઠા થયા હતા. તેમણે સ્કૂલે જતા એક વિદ્યાર્થીને અટકાવ્યો હતો અને તેની સ્કૂલ બેગની તપાસ કરતાં બેગમાં પુસ્કોના બદલે દારૂની પોટલીઓ હતી. જેથી રોષે ભરાયેલા લોકો દારૂની પોટલીઓ લઈને સરા પોલીસચોકીએ પહોંચ્યા હતા, જોકે પોલીસની હાજરીમાં મહિલા બૂટલેગર આ મુદ્દામાલ લઈ ગઈ હતી.સરા ગામના યુવક રાજુ સોલંકીએ જણાવ્યું હતું કે દારૂ લઈને જતું બાળક નાનું હતું, તેના ભવિષ્યની ચિંતાને લઈને એ દેખાય નહીં એમ અમે વીડિયો બનાવ્યો હતો અને બાદમાં અમે મુદ્દામાલ લઈ સરા આઉટ પોલીસચોકીએ આવ્યા હતા. અહીં વિજયભાઈ અને ભીમાભાઈ નામના બે હોમગાર્ડ જવાન હાજર હતા, જેમને અમે મુદ્દામાલ સોંપ્યો હતો. થોડીવારમાં રાધા દેવીપૂજક નામની મહિલા બૂટલેગર પોલીસચોકીએ આવી હતી અને મુદ્દામાલ લઈને જતી હતી.

રાજુ સોલંકીએ વધુમાં જણાવ્યું હતું કે રાધાબેન દેવીપૂજક અને ગૌરીબેન દેવીપૂજક નામની મહિલા બૂટલેગર સહિત સરા ગામમાં જેટલા લોકો દારૂનો વેપલો ચલાવે છે તેમના પર તાત્કાલિક કાર્યવાહી થાય એવી માગ સાથે અમે એક દિવસના ઉપવાસ પર બેઠા છીએ. ભીમાભાઈ નામના ગ્રામજને જણાવ્યું હતું કે અમારી માગ છે કે આ બૂટલેગરોને ઝડપીને પોલીસ ઝડપી કાર્યવાહી કરે એવી અમારી માગ છે.

# ગુજરાતમાં બિશ્નોઈ ગેંગનું દારૂનું નેટવર્ક ઝડપાયું

## અંકલેશ્વરના જીતાલીમાં ક્રાઈમ બ્રાન્ચનો દરોડો, ૯૪ લાખનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત

અંકલેશ્વર,

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે અંકલેશ્વરના જીતાલી ગામ નજીક આવેલા માધવ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના એક ગોડાઉનમાંથી ?૯૪ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહીમાં દારૂ, પીકઅપ વાહન અને અન્ય મુદ્દામાલ સહિત કુલ ૧ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે આ કેસમાં રમેશ બિશ્નોઈ નામના એક આરોપીની ધરપકડ કરી છે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે રાજસ્થાનની કુખ્યાત બિશ્નોઈ ગેંગ દ્વારા ગુજરાતમાં મોટા પાયે પ્રતિબંધિત દારૂ ઘુસાડવામાં આવતો હતો. આરોપીઓ અંકલેશ્વરના ઔદ્યોગિક વિસ્તારમાં ગોડાઉન ભાડે રાખીને દારૂનો જથ્થો સંગ્રહ કરતા હતા અને ત્યારબાદ તેનું વિતરણ કરતા હોવાનું તપાસમાં ખુલ્યું છે.

પોલીસે આ મામલે સુરેન્દ્ર બિશ્નોઈ, મહેતા, સુરેશ ઠાકરારામ બિશ્નોઈ, ડેનીભાઈ, ગોપી, ચેતન અને રાજેશ સહિત કુલ આઠ આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે. તમામ વોન્ટેડ આરોપીઓની ધરપકડ માટે વિવિધ ટીમો બનાવીને તપાસ તેજ કરવામાં આવી છે. ભરૂચ ક્રાઈમ બ્રાન્ચ આ સમગ્ર નેટવર્કની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે અને આગામી દિવસોમાં વધુ ખુલાસા થવાની શક્યતા છે.

# ગાંધીનગરના યુવાન સાથે લગ્નના નામે રૂપિયા ૧૧ લાખની છેતરપિંડી

## મહીસાગર પોલીસે લગ્નની ખોટી વિધિ કરાવી પૈસા પડાવનાર મહિલા સહિત ત્રણને ઝડપ્યા

ગાંધીનગર,

મહીસાગર જિલ્લાના બાકોર પોલીસ મથકે એક યુવાન સાથે લગ્નના નામે રૂ. ૧૧ લાખની છેતરપિંડી થયાની ફરિયાદ નોંધાઈ છે. ગાંધીનગરના યુવાનને લગ્નની લાલચ આપી ખોટી વિધિ કરાવી ઘરેણાં અને ઓનલાઈન પૈસા ટ્રાન્સફર કરાવી લેવામાં આવ્યા હતા. આ ગુનામાં કુલ સાત લોકો સામે ફરિયાદ નોંધાઈ છે, જેમાંથી પોલીસે ત્રણ આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરી છે.

DYSP કમલેશ વસાવાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ગાંધીનગરના વતની ભોગ બનનાર યુવાન લગ્ન માટે છોકરી શોધી રહ્યા હતા. તેમના પિતા મારફતે ધનસુરાના જયરાજસિંહ ચૌહાણ નામના ઈસમ સાથે તેમનો સંપર્ક થયો હતો. જયરાજસિંહે ખાનપુર તાલુકામાં પોતાના સંપર્ક હોવાનું જણાવી છોકરી શોધી આપવાની વાત કરી હતી.

આશરે દસ દિવસ પહેલા ભોગ બનનાર યુવાન ખાનપુરના કુભાયડી ગામે પહોંચ્યા હતા. ત્યાં તેમનો સંપર્ક કનુભાઈ કાળુભાઈ ડામોર અને તેમના પત્ની શારદાબેન કનુભાઈ ડામોર સાથે થયો. આ દંપતીએ તેમને જ્યોતિ નામની એક છોકરી બતાવી હતી, જેની સાથે તેનો કાકાનો છોકરો રાકેશભાઈ પણ હાજર હતો.

લગ્ન માટે વાતચીત ફાઈનલ થયા બાદ બે દિવસ પહેલા ભોગ બનનાર યુવાન પોતાના પરિવાર સાથે કુભાયડી ગામે આવ્યા હતા. ત્યાં આરોપીઓએ ખોટી લગ્ન વિધિ કરાવી રૂ. ૬ લાખના ઘરેણાં અને રૂ. ૫ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. ત્યારબાદ રાત્રિના સમયે મંદિરમાં દર્શન કરવાના બહાને તમામ આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

ફરિયાદીએ તાત્કાલિક બાકોર પોલીસ સ્ટેશનમાં જાણ કરતા ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં કનુભાઈ કાળુભાઈ ડામોર અને તેમના પત્ની શારદાબેન ડામોરે પોતાની દીકરીના દસ્તાવેજો આપ્યા હતા. જોકે, પોલીસે જ્યારે ફરિયાદીને તેમની દીકરી બતાવી ત્યારે ફરિયાદીએ તે જ્યોતિ ન હોવાનું જણાવ્યું હતું, જેની સાથે તેના લગ્ન કરાવવામાં આવ્યા હતા. પોલીસે આ દિશામાં વધુ તપાસ હાથ ધરી છે કે ફરિયાદીના લગ્ન કઈ છોકરી સાથે કરાવવામાં આવ્યા હતા.

# યુ.એન. મહેતા, કેન્સર અને કિડની હૉસ્પિટલના નવા સેન્ટર્સને 'સરકારી હૉસ્પિટલ'નો દરજ્જો મળ્યો

ગાંધીનગર,

ગુજરાત સરકારના અધિકારીઓ, કર્મચારીઓ અને પેન્શનરો માટે ખુશખબર આવી છે. રાજય સરકારે તબીબી સારવારના નિયમોમાં મહત્વપૂર્ણ ફેરફાર કરી ત્રણ અગ્રણી સ્પેશિયાલિટી હૉસ્પિટલોના નવા અને ભવિષ્યમાં શરૂ થનારા તમામ સેન્ટર્સને હવે 'સરકારી હૉસ્પિટલ' સમકક્ષ માન્યતા આપી છે. આ નિર્ણયથી રાજયભરના લાખો પરિવારોને સીધી આર્થિક રાહત મળશે.

કયા સેન્ટર્સને મળશે માન્યતા?: સરકારના તાજેતરના ઠરાવ મુજબ અમદાવાદની યુ.એન. મહેતા ઈન્સ્ટિટયૂટ ઑફ કાર્ડિયોલૉજી, એમ.પી. શાહ કેન્સર હૉસ્પિટલ અને ઁ દ્વઢઈઝ કિડની હૉસ્પિટલ દ્વારા રાજયમાં જયાં પણ નવા સેન્ટર્સ શરૂ થશે, તે તમામ હવે સરકારી હૉસ્પિટલ ગણાશે.

કર્મચારીઓને શું ફાયદો મળશે?: અત્યાર સુધી આ ત્રાણેય સંસ્થાઓના માત્ર મુખ્ય હૉસ્પિટલને જ સરકારી દરજ્જો મળેલો હતો. હવે તેમના સેન્ટર્સમાં લેવાયેલી સારવારના ખર્ચ માટે કોઈ નાણાકીય મર્યાદા નહીં રહે. સરકારી કર્મચારીઓ અને પેન્શનરોના સારવાર બિલ સીધા મંજૂર થઈ શકશે. આ સુધારા બાદ બિલની ચુકવણી માટે ઉપાડ અને વહેંચણી અધિકારી (DDO) તથા તિજોરી અધિકારીને સીધી સત્તા અપાઈ છે.

### પેરોલ ફર્લો સ્કવોડે વિદેશી દારૂનો રૂ. ૭.૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો

# ઘોઘારોડના મકાનમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે એક ઝડપાયો

### મદદગારીમાં બે શખ્સના નામ ખુલતા પોલીસે ત્રણ સામે ગુન્હો નોંધ્યો


તસવીર : ધવલ વાજા

ભાવનગ,તા.૨૧

શહેરમાં ઘોઘારોડ, ચકુતલાવડી સામે, કૈલાસ સોસાયટી, પ્લોટ નં. ૬૨ ના રહેણાંક મકાનમાં પેરોલ ફર્લો સ્કવોડે દરોડો પાડી વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લીધો હતો જયારે મદદગારીમાં અન્ય બે નામ ખુલતા ત્રણ સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભાવનગર, પેરોલ ફર્લો સ્કવોડનો સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યા હતા તે દરમિયાન બાતમી મળી હતી કે, લખન ઉર્ફે લખો જીવરાજભાઇ મકવાણા ,સુનીલ અરજણભાઇ ગોહેલ (રહે. બંને ભાવનગર ઘોઘારોડ, ચકુતલાવડી સામે, કૈલાસ સોસાયટી, પ્લોટ નં. ૬૨ ) ,કરશન પ્રવિણભાઇ મકવાણા (રહે. ખારશી ભાવનગર ) એ ઘોઘારોડ, ચકુતલાવડી સામે, કૈલાસ સોસાયટી, પ્લોટ નં. ૬૨ ના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો વેંચાણ અર્થે લાવેલ છે. જે બાતમી આધારે પેરોલ ફર્લો સ્કવોડે દરોડો પાડી તલાશી લેતા વિદેશી દારૂની બોટલ ૮૫૮ રૂ.૭,૪૦,૬૮૦ નો મળી આવતા પેરોલ ફર્લો સ્કવોડની ટીમે લખન ઉર્ફે લખો જીવરાજભાઇ મકવાણાની ધરપકડ કરી છે.જ્યારે સુનીલ અરજણભાઇ ગોહેલ,કરશન પ્રવિણભાઇ મકવાણા મદદગારી કરતા હોવાનું ખોલતા પેરોલ ફર્લો સ્કવોડે ત્રણ શખ્સ વિરૂધ્ધ ભરતનગર પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશનની કલમો હેઠળ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# કુંભારવાડામાં દંપતિને માર મારનાર આઠમાંથી ચાર ઝડપાયા, પોલીસે રિ-કન્સ્ટ્રક્શન કરાવ્યું

### પોલીસમાં અરજી કર્યાની દાઝ રાખી દંપતીને ઢોરમાર મરાયો હતો


તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૧

શહેરના કુંભારવાડા વિસ્તારના અક્ષયપાર્કસોસાયટીમાં રહેતા અજીત લખમણભાઈ રાહાણી બોરતળાવ પોલીસ મથકમાં નીતિન ગંગાભાઈ રાહાણી, મનીષ ગંગાભાઈ રાહાણી, ભરત ગંગાભાઈ રાહાણી, કુબેર ગંગાભાઈ રાહાણી, વિક્રમ ગંગાભાઈનો દીકરો અને અજાણ્યા ૩ શખસ મળી કુલ ૮ શખસ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. તેઓએ ફરિયાદમાં જણાવ્યું છે કે, મારે નવીન રાહાણી સાથે અગાઉ પૈસા બાબતે બોલાચાલી થઈ હતી, જેની દાઝ રાખી ગત ૧૭ જાન્યુઆરીના રોજ હેબતપુર ગામે સંબંધીને ત્યાં તેના પત્ની મુક્તાબેન બન્ને લગ્નમાં ગયા હતા. ત્યા નવીન રાહાણી સાથે પૈસા બાબતે અગાવ બોલાચાલી થઈ હતી, જે મારી સામે કાતર મારતો હોવાથી, મેં તેને કહ્યું કે, કેમ મારી સામે કતરાશ? . તેમ કહેતા અમારે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી, જેને લઈ મેં ધોલેરા પોલીસ સ્ટેશન ખાતે નવીન વિરુદ્ધ અરજી આપી હતી.

બાદમાં હું અને મારા પત્ની બંને ભાવનગરના દસનાળા ખાતે પહોંચતા મારા મોબાઈલ ફોનમાં અવાર-નવાર ફોન આવતા ફોન પર નવીન રાહાણી સાથે બોલાચાલી કરી હતી. જેથી હું અને મારી પત્ની સાંજે આ બાબતે પોલીસ સ્ટેશન ખાતે અરજી આપીને આવી રહ્યા હતા, તે સમયે શહેરના અક્ષર પાર્ક પાસે પહોંચતા આરોપીઓએ ધોકા, પાઈપ, ધારીયા લઈ આવી મારી અને પત્ની ઉપર હુમલો કર્યો હતો. હથીયાર અને ઢીકાપાટુ વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ ફરિયાદ અનુસંધાને બોરતળાવ પોલીસે તમામ સામે બીએનએસ એક્ટ ૧૧૮(૧), ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૧૨૫(b), ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૦ અને જી.પી.એક્ટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કર્યો હતો. પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી ભરત ગંગારામ રાહાણી, મનીષ ગંગારામ રાહાણી, કુબેર ગંગારામ રાહાણી, પિયુષ રમેશભાઈ રાહાણીને ઝડપી પાડયા હતાં. ઝડપાયેલા તમામને પોલીસ બંદોબસ્ત સાથે ઘટનાસ્થળ પર લઈ જઈ રી-કન્ટ્રક્શન કરવામાં આવ્યું હતુ.

# કોર્પોરેશન દ્વારા ભીના અને સૂકા કચરાની ડસ્ટબીન સેટનું આજથી કરાશે વિતરણ

### અગાઉ એક પણ વખત ડસ્ટબીન મળેલ ન હોય તેવા મિલકતધારકોને મળશે લાભ

ભાવનગર,તા.૨૧

ભાવનગર કોર્પોરેશન દ્વારા ઘન કચરાને એકત્રિત કરવા ડોર ટુ ડોર કલેક્શન માટે ટેમ્પલ બેલની સુવિધા કાર્યરત છે અને તેમાં પણ ભીના અને સૂકા કચરાને અલગ રાખવાની વાહનમાં વ્યવસ્થા પણ કરવામાં આવી છે. તેમજ અગાઉ એક પણ વખત ડસ્ટબિનનો સેટ મેળવ્યો ન હોય તેમને આજે બુધવારથી વિતરણ શરૂ કરાશે.

ભાવનગર શહેરમાં રહેણાંકીય તેમજ કોમર્શિયલ એકમોમાંથી ઉત્પન્ન થતા ઘન કચરાને સેગ્રીગેશન એટ સોર્સ મુજબ ભીના અને સુકા કચરાને અલગ અલગ રાખી મહાનગરપાલિકાના ડોર ટુ ડોર કલેક્શન માટેના વાહનોમાં પાડવામાં આવેલ બે ભાગો મુજબ લીલા રંગના ભાગમાં ભીનો કચરો અને ભુરા રંગના ભાગમાં સુકો કચરો નાખવો અનિવાર્ય છે. માટે સેગ્રીગેશન એટ સોર્સને પ્રોત્સાહન આપવા મહાનગરપાલિકા દ્વારા અગાઉ જે મિલકતધારકો દ્વારા જે તે વર્ષનો તમામ મિલકત વેરો ભરપાઈ કરેલ હોય તેને વિનામૂલ્યે લીલી તથા ભુરી ડસ્ટબીનના સેટનું વિતરણ કરવામાં આવેલ હતું.

સેગ્રીગેશન એટ સોર્સને વધુ અસરકારક કરવા માટે મહાનગરપાલિકા દ્વારા ફરીથી જે મિલકતધારકોને ચાલુ વર્ષ સુધીનો તમામ બાકી મિલકત વેરો ભરપાઈ કરેલ હોય અને અગાઉ એક પણ વખત ડસ્ટબીન મળેલ ન હોય તેવા બાકી મિલકતધારકોને તમામ વેરો ભરપાઈ કર્યાની પહોંચની નકલ તથા પૂરાવા તરીકે ઓળખકાર્ડની નકલ રજુ કર્યેથી જરૂરી ચકાસણી કરીને વિનામૂલ્યે લીલી તથા ભુરી ૧૨ લીટર કેપેસીટીની ડસ્ટબીનનો સેટ વિતરણ કરવાની કામગીરી તા. ૨૧ને બુધવારથી મહાનગરપાલિકાની મુખ્ય કચેરીએ તેમજ પૂર્વ અને પશ્ચિમ ઝોનલ કચેરીઓ ખાતેથી સવારે ૧૦:૩૦ થી ૨ તથા બપોરે ૩ થી ૫:૩૦ દરમિયાન શરૂ કરવામાં આવનાર છે.

# લોકસેવા ટ્રસ્ટ કન્યાવિદ્યાલય વળાવડ દ્વારા કરાશે રજત સપ્તતિ મંગલ પર્વની ઉજવણી

સિહોર,તા.૨૧

અગામી તા ૨૬મી જાન્યુઆરીના રોજ પૂ.મોરીરીબાપુની અધ્યક્ષતામાં રજત ઉત્સવ તથા સપ્તતિ પર્વની ઉજવણી કરવામાં આવશે જેમાં સંસ્થાના ૨૫ વર્ષના ઉલ્લાસની ઉજવણીમાં ભૂતપૂર્વ વિધાર્થિનીઓ,વાલીઓ તથા દાતાઓ જોડાશે.

આ ઉજવણી દરમિયાન ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓનું સ્નેહમિલન તથા લોકભારતી યુનિવર્સિટીના વિશાલભાઈ ભાદાણીનું વક્તવ્ય,જેમ્સ વોકર ઈન્માર્કો ઓડિટોરિયમનું ઉદ્ઘાટન, માલુબા લાઈબ્રેરી ઉદ્ઘાટન, દીપ પ્રાગટ્ય,સંગીત મહેમાનોનું સ્વાગત તથા દાતાઓના સન્માન મોરારીબાપુના હસ્તે કરવામાં આવશે તેમજ સ્થાપક તથા પ્રમુખ મેહુરભાઈ લવતુકાની ૭૦મી વર્ષગાંઠ પ્રસંગે તેમનું જીવન દર્શાવતી "શેઠની સમર્પણ યાત્રા" ડોક્યુમેન્ટરીનું વિમોચન કરાશે આ સમારંભનું ઉદ્ઘાટન વડવાળા ધામના ૧૦૦૮ મહામંડલેશ્વર કણીરામબાપુના હસ્તે થશે.

આ કાર્યક્રમમાં રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલ, ગુ.પ્ર.કો.પ્રમુખ અમિતભાઈ ચાવડા, સંસદ બાબુભાઈ, પૂર્વ ધારાસભ્ય માલજીભાઇ દેસાઈ, એડવોકેટ નીરૂપમ નાણાવટી , શિક્ષણવિદ્ અરુણભાઈ દવે, નલીનભાઇ પંડિત તથા હિતેન્દ્રસિંહ પઢેરીયા સહિતના ઉપસ્થિત રહેશે.

**મોરારીબાપુના અધ્યક્ષ સ્થાને યોજાનાર કાર્યક્રમમાં સાંસદ શક્તિસિંહ ગોહિલ સહીત આગેવાનો અને સંતો ઉપસ્થિત રહેશે**

### અસ્મિતા ખેલો ઈન્ડિયા વુમન્સ લીગ - વેસ્ટઝોન ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૬ માં

# ઋચા ઓમ ત્રિવેદી સિલ્વર મેડલ સાથે દ્વિતીય સ્થાન અંકે કરી નેશનલ માટે થયા ક્વાલિફાય

ભાવનગર,તા.૨૧

તાજેતરમાં ૧૬ થી ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ દરમ્યાન છત્તીસગઢના રાયપુર ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટિસ ઓફ ઈંડિયા દ્વારા ખેલો ઈન્ડિયા અંતર્ગત અસ્મિતા વુમન્સ લીગ ૨૦૨૫-૨૬ વેસ્ટઝોન ચેમ્પિયનશિપનું આયોજન થયુ હતું.




આ સ્પર્ધા ભારત સરકારના ખેલ મંત્રાલય તેમજ છત્તીસગઢ રાજ્ય સરકારના રમત-ગમત વિભાગના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય તથા રાજ્ય યોગાસન એસો.યોગાસના ભારત દ્વારા યોજવામાં આવેલ હતી તેમજ આ સ્પર્ધા દરમ્યાન છત્તીગઢ તથા ભારત સરકાર અને યોગાસન ભારતના અધિકારીઓ-પદાધિકારીઓ સાથે યોગ ગુરુઓ,યોગ કોચ તથા ટેકનીકલ ઓફિશિયલ સહિતના વિશેષજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા.

વેસ્ટઝોન કક્ષાએ યોજાયેલ અસ્મિતા ખેલો ઈન્ડિયા વુમન્સ લીગ ૨૦૨૫-૨૬માં રાજય કક્ષાએ પસંદગી પામેલ ખેલાડીઓમાં મિસ યોગિની ઓફ ગુજરાત અને રાજયની યોગા એથ્લેટ ઋચા ત્રિવેદી એ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી પોતાની વય જૂથ કેટેગરીમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી સિલ્વર મેડલ સાથે દ્વિતીય સ્થાન અંકે કરી રાષ્ટ્રીય કક્ષાની ચેમ્પિયનશિપ માટે ક્વાલિફાય થયા છે ,આગામી સમયમાં ઋચા ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી નેશનલ ચેમ્પિયનશિપ રમવા જશે.

# મ્યુઝિયમ ઓન વહિલ્સની સ્પેશિયલ બસનું શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠમાં થયેલું આગમન

### ભારતીય લોકકલાનો વારસો થીમ પર અદભુત રજૂઆતો અને પ્રદર્શન સાથેની બસની વિદ્યાર્થીઓએ લીધી મુલાકાત

ભાવનગર,તા.૨૧

છત્રપતિ શિવાજી મહારાજ વસ્તુસંગ્રહલય સંસ્થા મુંબઈ દ્વારા મ્યુઝિયમ ઓન વહિલ્સની એક અદભુત બસ ભાવનગર ખાતે આવી છે. બોમ્બેથી આવેલ આ ખાસ બસમાં ઝરોખા- લેજેન્સી ઓફ ઇન્ડિયન આર્ટસની થીમ પર ભારતીય લોકકલાનો વારસોએ થીમ પર વિવિધ પ્રકારની અદભુત રજૂઆતો અને પ્રદર્શન બસમાં સેટ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ આપણા લોકકલાના વારસાથી માહિતગાર બને આપણા ભવ્ય વારસાને ઓળખે તેવા હેતુથી આ બસ ગુજરાતમાં આવેલ છે જ્ઞાનગુરુના મનહરભાઈ રાઠોડના પ્રયત્નોથી આ બસ ભાવનગર ખાતે આવેલ છે. અને આજે આ બસની સ્કૂલના વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી અને ભારતીય લોકકલા વારસાથી માહિતગાર થયા હતા.






બોમ્બેથી આવેલ બસના પ્રદર્શનમાં શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠના ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને કેપીએસના ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ બે દિવસ દરમિયાન આ બસની મુલાકાત લેશે. આ બસની મુલાકાત લેવા માટે કોઈપણ કોઈપણ સ્કૂલના વિદ્યાર્થીઓ વાલીઓ અને શહેરીજનોને જાહેર આમંત્રણ પાઠવાયું છે. આ સમગ્ર વ્યવસ્થા શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠના મનહરભાઈ રાઠોડ તથા કેપીએસના પ્રિન્સિપાલ તરુણભાઈ વ્યાસ તથા રોટરી કલબ ઓફ ભાવનગર રોયલના મેમ્બર્સ સંભાળી રહ્યા છે. ખાસ આ મ્યુઝીયમ ઓન વિલ્સની વધુમાં વધુ વિદ્યાર્થીઓ મુલાકાત લે તેવો અનુરોધ કરાયો છે. સવારે ૯થી તે સાંજે ૫ વાગ્યા સુધી આ પ્રદર્શન નિહાળી શકાશે.

# બ્રહ્મ, પુરુષ, સ્વભાવ, જીવ, કુળ, ધર્મ અને સત્ય એ સનાતન સપ્તક

### દિલ્લીમાં મોરારિબાપુના વ્યાસાસને રામકથા 'માનસ સનાતન ધર્મ'

ભાવનગર,તા.૨૧

દિલ્લીમાં મોરારિબાપુના વ્યાસાસને ચાલતી રામકથા 'માનસ સનાતન ધર્મ' ગાનમાં બ્રહ્મ, પુરુષ, સ્વભાવ, જીવ, કુળ, ધર્મ અને સત્ય એ સનાતન સપ્તક વર્ણવાયા હતા.

સનાતન ધર્મ મૂલ્યોના વૈશ્વિક ચિંતન સાથે રાજધાની દિલ્લીમાં શ્રી મોરારિબાપુના વ્યાસાસને ચાલતી રામકથામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહાનુભાવો લાભ લઈ રહ્યાં છે. શ્રી લોકેશ મુનિના નેતૃત્વ સાથે 'માનસ સનાતન ધર્મ' ગાન કરતાં શ્રી મોરારિબાપુ દ્વારા બ્રહ્મ, પુરુષ, સ્વભાવ, જીવ, કુળ, ધર્મ અને સત્ય એ સનાતન સપ્તક વર્ણવાયા. અહીંયા વિવિધ સાંસ્કૃતિક ઉપક્રમો રજૂ થયાં હોય તેમ લોકસાહિત્ય, રાષ્ટ્રસાહિત્ય અને વેદ સંસ્કૃતિની વાત થઈ.

'માનસ સનાતન ધર્મ' રામકથા ગાન કરતાં શ્રી મોરારિબાપુએ વ્યાસપીઠ પરથી સનાતન મૂલ્યો અને ભારતીય સંસ્કૃતિનું ગાન થઈ રહ્યું છે. રામકથામાં ચોથા દિવસે મોરારિબાપુએ કહ્યું કે, મુનિનું મૌન અને ઋષિની વાણી એ સનાતન છે. આજની કથામાં ભાર પૂર્વક સંદેશો



તસવીર : મુકેશ પંડીત

અપાયો કે, અસ્તિત્વ તૈયાર છે, આપણે તે માટે તૈયાર રહેવું પડશે. તેઓએ વિનમ્રભાવે ઉમેર્યું કે, જીવન સમજવાની કોશિશ કરી છું, તમને પણ સમજાવવા કોશિશ કરું છું. મોરારિબાપુએ કહ્યું કે, મારા ફુલ કરમાય નહી, અસ્તિત્વ પોકાર કરે તેવા યુવાન ફૂલોની માંગ ભાર અને ભાવ પૂર્વક કરેલ. વિશ્વ શાંતિ કેન્દ્રના આચાર્ય લોકેશ મુનિના માર્ગદર્શન સાથે દિલ્લીમાં યોજાયેલ આ કથામાં રશિયા તથા પનામા દેશના રાજદૂતો ઉપસ્થિત રહ્યા અને મોરારિબાપુ દ્વારા વિશ્વ કલ્યાણની ભાવના સાથેના આ ઉપક્રમની પ્રશંસા કરી, તેઓ રામાયણજી આરતીમાં પણ જોડાયા.

### વિશાલ શિયાળની સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સમાં થઈ પસંદગી



ભાવનગર,તા.૨૧

ભાવનગર કેળવણી મંડળ સંચાલિત એલ.આર. વળીઆ આર્ટસ એન્ડ પી આર. મહેતા કોમર્સ કોલેજ ભાવનગરના એરફોર્સ એન.સી.સી.(સિનિયર ડિવિજન) કેડેટ્સ વિશાલ શિયાળની સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ (CISF) માં પસંદગી થઇ છે. કોલેજ ઈન્ચાર્જ આચાર્ય, એરફોર્સ (ANO) ફ્લાઈંગ ઓફિસર તેમજ સમગ્ર કોલેજ પરિવારે આનંદ અને ગર્વની લાગણી આ ટકે વ્યક્ત કરી છે.

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી. નં ૩૦૨/૨૦૨૫**
**જ.તા.૧૫/૦૮/૧૯૮૨**

**શ્રી રાબુબેન હાજીભાઈ સેલોત,**
**રહે. ચિત્રા, ઈન્દીરાનગર, ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રાબુબેન હાજીભાઈ સેલોતએ તેમના પુત્ર કાદરભાઈ હાજીભાઈ સેલોતનો જન્મ તા.૧૫/૦૮/૧૯૮૨ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૫/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી. નં ૩૧૪/૨૦૨૫**
**જ.તા.૦૭/૧૨/૧૯૭૮**

**શ્રી રાબુબેન હાજીભાઈ સેલોત,**
**રહે. ચિત્રા, ઈન્દીરાનગર, ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રાબુબેન હાજીભાઈ સેલોતએ તેમના પુત્ર અમીનભાઈ હાજીભાઈ સેલોતનો જન્મ તા.૦૭/૧૨/૧૯૭૮ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૫/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી. નં ૩૦૬/૨૦૨૫**
**જ.તા.૨૮/૦૮/૧૯૬૩**

**શ્રી અબ્બાસભાઈ અબ્દુલભાઈ માંડવીયા,**
**રહે. મનહરખાનો ડેલો, ઉપરકોટ, કાળાનાળા, ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી અબ્બાસભાઈ અબ્દુલભાઈ માંડવીયાએ તેમના ભાઈ ઈકબાલ અબ્દુલભાઈ માંડવીયાનો જન્મ તા.૨૮/૦૮/૧૯૬૩ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૦/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી. નં ૨૮૮/૨૦૨૫**
**જ.તા.૦૧/૦૧/૧૯૯૨**

**શ્રી રાબુબેન હાજીભાઈ સેલોત,**
**રહે. ચિત્રા, ઈન્દીરાનગર, ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રાબુબેન હાજીભાઈ સેલોતએ તેમના પુત્રી બાનુબેન હાજીભાઈ સેલોતનો જન્મ તા.૦૧/૦૧/૧૯૯૨ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૫/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)


સૌરાષ્ટ્ર આસપાસ

# ભારતના યુરોપિયન દેશો સાથેના ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ

અમેરિકાની ધમકીઓને અવગણીને ભારતે યુરોપના દેશો સાથે ખાસ એગ્રીમેન્ટ કરવાનું શરૂ કરી દીધું છે.વિશ્વ વ્યાપાર માટે ભારતના પોતાના વેપારુ ઉદ્યોગ અને કૃષિ ક્ષેત્રના હિતો સૌથી વધુ મહત્વપૂર્ણ છે આથી તે અમેરિકા સાથે વ્યાપારી કરારમાં ઝુકવા માગતું નથી. અમેરિકા ભારતને અન્ય દેશોની જેમ વધારવાની ધમકીઓ આપ્યા કરે છે પરંતુ ભારતને નવા બજાર પોતાની દ્રષ્ટિ ફેરવી છે એશિયા યુરોપના બજારો સાથે ભારત પોતાના સંપર્કો વધારી રહેયુ છે.વૈશ્વિક વેપાર આજના સમયમાં નવી ગોઠવણીમાંથી પસાર થઈ રહ્યો છે. એક તરફ અમેરિકા ટેરિફ અને પ્રતિબંધોની નીતિ દ્વારા વિશ્વના મોટા ભાગના દેશો પર દબાણ ઊભું કરી રહ્યું છે, તો બીજી તરફ ચીન પોતાની વિશાળ ઉત્પાદન ક્ષમતા અને સસ્તી નિકાસથી બજારો પર કબજો જમાવવાની કોશિશમાં છે. આ બે મહાસત્તાઓની વચ્ચે ભારતે સાવધ, સંતુલિત અને દીર્ઘદ્રષ્ટિપૂર્ણ માર્ગ પસંદ કર્યો છે. ભારત કોઈ એક દેશ પર આધાર રાખવાને બદલે બહુધ્રુવીય વેપાર સંબંધો મજબૂત કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે, અને તેમાં યુરોપિયન યુનિયન સાથેનો ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ એક મહત્વપૂર્ણ પગલું સાબિત થવાનો છે.અમેરિકા ભારત પર ખાસ કરીને કૃષિ અને ડેરી ક્ષેત્રમાં પોતાના ઉત્પાદનો માટે દરવાજા ખોલવાનું દબાણ કરી રહ્યું છે. પરંતુ ભારત માટે આ ક્ષેત્રો માત્ર વેપારના નથી, તે કરોડો ખેડૂતો અને ગ્રામિણ અર્થવ્યવસ્થાના આધારસ્તંભ છે. તેથી ભારત "તેલ જુઓ, તેલની ધાર જુઓ" જેવી નીતિ અપનાવીને કોઈ ઉતાવળા નિર્ણય લેવાને બદલે પોતાના હિતોને પ્રાથમિક્તા આપી રહ્યું છે. આ સાવચેતીને કારણે ભારત-અમેરિકા વેપાર કરાર અટવાઈ પડ્યો છે, પરંતુ આ જ સમયે ભારતે અન્ય વૈશ્વિક વિકલ્પો તરફ ઝડપથી પગલા ભર્યા છે.યુરોપિયન યુનિયન સાથેનો પ્રસ્તાવિત એગ્રીમેન્ટ એ જ વ્યૂહરચનાનો ભાગ છે. વર્ષો સુધી ચાલેલી ધીમી વાતચીત પછી હવે આ કરાર અંતિમ તબક્કામાં પહોંચી ગયો છે. લાંબી નવ વર્ષની પ્રતીક્ષા બાદ જૂન ૨૦૨૨માં ફરીથી સંવાદ શરૂ થયો હતો અને આજે ૨૪માંથી ૨૦ મુદ્દાઓ પર સહમતિ બની ચૂકી છે. બાકી રહેલા મુદ્દાઓ પણ ઉકેલવાના પ્રયત્નો તેજ ગતિએ ચાલી રહ્યા છે. આવનારા ભારત–યુરોપિયન યુનિયન શિખર સંમેલનમાં આ કરાર પર હસ્તાક્ષર થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે, જે વૈશ્વિક વેપાર માટે એક મહત્વની ઘટના બની શકે છે.ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેનો ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ એટલે એવો વ્યાપક વેપાર કરાર, જેના દ્વારા બંને પક્ષો વચ્ચે ચીજવસ્તુઓ, સેવાઓ અને રોકાણ પર લાગતા શુલ્ક (ટેરિફ), અડચણો અને નિયમોને સરળ બનાવવામાં આવે છે. યુરોપિયન યુનિયન ૨૭ દેશોનું ગઠબંધન છે અને તે વિશ્વના સૌથી મોટા અને સમૃદ્ધ બજારોમાંનું એક ગણાય છે. ભારત માટે આ કરાર વ્યૂહાત્મક અને આર્થિક રીતે અત્યંત મહત્વનો છે.આ કરારનો મુખ્ય ઉદ્દેશ બંને વચ્ચેનો વેપાર વધારવો, આયાત-નિકાસ ખર્ચ ઘટાડવો, રોકાણને પ્રોત્સાહન આપવો અને સપ્લાય ચેઇનને મજબૂત બનાવવાનો છે. આ એગ્રીમેન્ટ થવાથી ઘણા ઉત્પાદનો પરનો કસ્ટમ્સ ડ્યુટી ધીમે ધીમે શૂન્ય અથવા ખૂબ ઓછો કરવામાં આવે છે, જેથી વેપાર વધુ સ્પર્ધાત્મક બને.

યુરોપિયન યુનિયન પહેલેથી જ ભારતનો સૌથી મોટો ટ્રેડિંગ પાર્ટનર છે. આ એગ્રીમેન્ટ બાદ ભારતીય ઉત્પાદકોને એક સાથે સમગ્ર યુરોપના બજારમાં સરળ પ્રવેશ મળશે. ખાસ કરીને ટેક્સ્ટાઇલ, ગાર્મેન્ટ્સ, પેટ્રોલિયમ પેદાશો, ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, મશીનરી, ઓટોમોબાઇલ પાર્ટ્સ, હસ્તકલા અને જવેલરી જેવા ક્ષેત્રોને મોટો ફાયદો થવાની શક્યતા છે. ટેરિફ ઘટવાથી ભારતીય નિકાસ સસ્તી અને વધુ સ્પર્ધાત્મક બનશે.સેવાઓ અને પ્રોફેશનલ્સ માટે અવસર આ કરારમાં માત્ર ચીજવસ્તુઓ જ નહીં, પરંતુ સેવાઓનો પણ સમાવેશ થાય છે. આઇટી, સોફ્ટવેર, ફાઇનાન્સ, એન્જિનિયરિંગ, હેલ્થકેર અને પ્રોફેશનલ સર્વિસિસ ક્ષેત્રે ભારતીય કંપનીઓ અને કુશળ વ્યાવસાયિકો માટે યુરોપમાં વધુ અવસર ઊભા થશે.

# સ્વાસ્થ્ય સુધારે શિયાળાની સવાર...



## ક્લિક કોર્નર

- જતીન ડી. ઘેલાણી,

લાગે છે કે શિયાળો થોડો લંબાણો હોય એટલે કે હજું પણ સવારમાં ઠંડી લાગી રહી જ છે. લગભગ ઉત્તરાયણ પછી ઠંડીનું પ્રમાણ સામાન્ય રીતે ઓછું થતું હોય છે પણ ગ્લોબલ વૉમિંગ કહો કે પછી જે પણ... આ વખતે જો શિયાળામાં શરીર પ્રત્યે સભાન ન રહ્યા હોં અને કસરત ન કરી હોય તો હજું પણ શિયાળો ચાલી જ રહ્યો છે. ચાલવા મંડો, દોડવા મંડો કે પછી સાયકલિંગ અથવા યોગ કરો. આ ઈશ્વર તરફથી ઠંડીના દિવસોનો બોનસનો સમયગાળો છે, બરાબર ને.....

# સોશિયલ મીડિયાની ભીડ વચ્ચે એકલવાયો માણસ

## કરંટ ટોપિક

માણસને સામાજિક પ્રાણી કહેવાયો છે. પ્રાણી કાયમ પોતાના ઝુંડ, પોતાના પરિવાર, પોતાના જૂથ સાથે રહેવાનું પસંદ કરતો હોય છે. તેનું કારણ જો સર્વાઈવલની રીતે જોઈએ તો પણ ઘણું મહત્ત્વનું છે. જંગલમાં જીવવું, બીજા હિંસક જાનવરોથી બચીને રહેવું, ભોજન મેળવવું, હુંફ મેળવવી, સાથ મેળવવો વગેરે જૂથમાં જ શક્ય બને છે. માણસ એક વિચારશિલ અને બુદ્ધિશાળી પ્રાણી છે. તેણે આ જ પદ્ધતિએ પોતાના પરિવારનું, સમુદાયનું, સમાજનું કે પછી દેશનું નિર્માણ કર્યું છે. માણસ એકલો રહીને નહીં પણ સંબંધોમાં જોડાઈને જ સાર્થક રીતે જીવન પસાર કરી શકે છે. સંવાદ, સંવેદના, સહયોગ, સાયુજ્ય, સહવાસ, સમરસતા વગેરે માણસની આત્મા, તેના મનના મૂળમાં રહેતા તત્ત્વો છે. તેના આધારે જ સમાજનું નિર્માણ થયું છે અને સમાજ રચના ચાલે છે.

સમાજ જીવન, સામાજિકતા અને સમાજ વ્યવસ્થાની પરિભાષા ધીમે ધીમે બદલાઈ રહી છે. માણસો હવે સંબંધોના મૂળ નહીં પણ સંબંધોની સંખ્યા ઉપર વધારે ધ્યાન આપે છે. તેને સંબંધ નહીં પણ સંપર્કોની જરૂર છે જે માત્ર ભૌતિક જરૂરિયાતો પૂરી કરી શકે. તેમાંય જ્યારથી સોશિયલ મીડિયાનો યુગ શરૂ થયો છે ત્યારથી લાગણી અંગુઠાછાપ થતી જાય છે. લોકો બોલવાનું ઓછું અને ઈમોજી દ્વારા કહી દેવાનું વધારે પસંદ કરે છે. હવે લોકોની વાતો અને સંવાદ ઓછા અને કોમેન્ટ વધી ગયા છે. લોકોને એવો ભ્રમ થવા લાગ્યો છે જે તેની પાસે જેટલા કોન્ટેક્ટ વધારે, તેને જેટલા વધારે લોકો ફોલો કરે છે તેટલા જ તેઓ પ્રભાવશાળી અને વૈવિધ્યપૂર્ણ અસ્તિત્વ ધરાવનારા બની ગયા છે. હકિકત એવી છે કે, ભીડ ભેગી કરવાની આ ભ્રામક યાત્રા અંતે એકલવાયા જીવન તરફ ખેંચી જાય છે જે જીવવું અને જીરવવું બંને ખૂબ જ કઠિન હોય છે. તેનો મોટાભાગે અયોગ્ય, અવિચારી અને આત્યંતિક અંત આવતો હોય છે.આપણે માત્ર આસપાસ નજર કરીએ તો પણ ખ્યાલ આવશે કે એવા ઘણા લોકો છે જેમની પાસે સોશિયલ મીડિયામાં હજારોની સંખ્યામાં મિત્રો, ફોલોઅર્સ કે પછી ચાહકો છે પણ વાસ્તવિકતામાં જરૂર પડે તો પડખે ઊભા રહે તેવા પાંચ લોકો પણ નથી. કહેવાતા ચાહકો અને મિત્રોની ભીડમાં એકલતાનો આ દંશ ભયાનક હોય છે. જે માણસને એક જ વખતમાં વાસ્તવિકતાની ધરતી ઉપર ઉતારી દે છે. વાસ્તવિકતા એ છે કે, પહેલાના સમયમાં સંબંધો ખૂબ જ સહજ અને સત્ય સાથે જોડાયેલા હતા. લોકોને એકબીજા માટે સંવેદના હતી પણ સ્ટેટસમાં રસ નહોતો. લોકોમાં એકબીજા પ્રત્યે આત્મીયતા હતી અને તેનાથી જ સંબંધ જીવંત રહેતો હતો. કોઈ એક વ્યક્તિના સુખમાં સમગ્ર સોસાયટી, અપાર્ટમેન્ટ, પોળ કે પછી આસપાસના લોકો ખુશ થતા હતા. કોઈ એક વ્યક્તિના દુઃખમાં આ જ લોકો જરૂર હોય ત્યાં સુધી સતત ખડેપગે રહેતા હતા. હવે આ આત્મીયતા, સંવેદના અને સંવાદ ક્યાંક ગાયબ થઈ ગયા છે. તેની જગ્યાએ લાઈક, કોમેન્ટ અને સબ્સ્ક્રાઈબે લઈ લીધી છે. ।જની પેઢીને જોશો તો તેનું કોન્ટેક્ટ લિસ્ટ લાંબુ હશે, તેના ફોલોઅર્સની યાદી હજારો અને લાખોમાં હશે પણ મનનો ખૂણો સાવ ખાલી હશે. દરરોજ લાખો લોકો એકબીજાને મળે છે, વાતો કરે છે, હસે છે, આનંદ કરે છે પણ આંતરિક રીતે કોઈ જોડાણ નથી. મોટાભાગના સંબંધો કોઈને કોઈ સ્વાર્થના પાયા ઉપર જ રચાતા, ચાલતા અને તુટતા જોવા મળે છે. સ્વાર્થના સંબંધોનું જીવન પણ વરસાદી મંકોડા જેવું હોય છે. જ્યાં સ્વાર્થ છે ત્યાં પાંખો પટપટાવીને ઉડયા કરવાનું અને સ્વાર્થ પૂરો થતાં જ સત્યની સવાર થાય ત્યાં તો મરણ થઈ ગયું હોય. તેના કારણે જ ભીડ વચ્ચે ઘેરાયેલો માણસ પણ એકલતાનું વિષપાન કરી રહ્યો છે. સામાજિક મુદ્દા કે અન્ય કોઈ મુદ્દે ભીડ ભેગી કરવી ખૂબ જ સરળ છે. કોઈપણ ટ્રેન્ટ સેટ કરીને કે આનંદ કરાવીને લોકોને પોતાની તરફ આકર્ષવા અલગ બાબત છે. અહીંયા સમજવા જેવી બાબત એ છે કે, આવી નકામી અને કહેવાતી ભીડ ભેગી કરનારા લોકો પોતાના પરિવારજનો કે સંતાનો કે અન્ય કોઈને આવા લોકોની ભીડનો ભાગ બનવા દેતા નથી. તેઓ પોતાના પરિવારને આવી ખોટી ભીડ બનવાથી દૂર રાખે છે. તેઓ જાણે છે કે આ ભીડ ક્ષણભંગુર છે. ખરેખર જરૂર પડશે ત્યારે ભીડ આવશે નહીં. આ ભીડમાંથી પરાણે બે-ચાર લોકો પાસે ઊભા હશે. આ વાસ્તવિકતા માણસને અંતરથી તોડી નાખે છે. તેને જ્યાં સુધી આ અનુભવ થતો નથી ત્યાં સુધી સમજાતું જ નથી કે, ખરેખર તે જેને પોતાના માનીને મદમાં ફરી રહ્યો છે તે ખરેખર તેના પોતાના છે જ નહીં. તે માત્ર એક મુદ્દે ભેગી થયેલી ભીડ છે જેને નાશવંત આકર્ષણ છે.હકિકતે જીવનનું એક જ સત્ય છે કે, મનુષ્યની શક્તિ સંબંધોના એવા મૂળમાં છે જ્યાં ગણતરી કે સ્વાર્થ નહીં પણ સંવેદના મહત્ત્વની હોય છે. હજારોની ભીડ વચ્ચે રહેવા કરતા ગણતરીના લોકો સાથે રહેવું જે તમને પોતાના માનીને દરેક સ્થિતિમાં તમારી પડખે રહે. સમય એકમાત્ર એવી એરણ છે જેના ઉપર સંબંધોની સતાત્યતાની ખરાઈ થતી હોય છે. મુશ્કેલી છે કે, વ્યક્તિને આ બાબતની સમજ ઘણી મોડી આવે છે. લગભગ એવું કહી શકાય કે, રાંડયા પછી જ ડાહપણ આવે છે. માણસના જીવનમાં જ્યારે મુશ્કેલ સમય આવે છે અને કલ્પનાની તમામ કારીગરીઓ નિષ્ફળ જાય છે ત્યારે આ દેખાડો કરતા મિત્રો, આત્મીયજનો અને ચાહકોના મોહરા ઉતરી જાય છે. ત્યારે વ્યક્તિને સમજાય છે કે, બનાવટી ભીડ ભેગી કરવાની લ્હાયમાં આપણે સાચા અને સંવેદનાસભર લોકોને ગુમાવી દીધા. આ વાસ્તવિકતાનું ભાન ખૂબ જ પીડાદાયક હોય છે.ખરેખર તો માણસને ઊભો થતો ભ્રમ, મોહ અને માય આ બધું કરવા પ્રેરે છે. જેમ જેમ માણસને પ્રસિદ્ધિ મળતી જાય છે તેમ તેમ તેનામાં અહંકાર આવતો જાય છે અને તે વધારે પ્રસિદ્ધિની ઝંખનાના મોહમાં ફસાય છે.

# સુપર પાવર અમેરિકામાં અનોખી આધ્યાત્મિક યાત્રા

## આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

**અપાર સંપત્તિ અને જગતભરમાં પોતાના સુપર પાવર પાવરનું પ્રેઝન્ટેશન કરી રહેલા અમેરિકામાં ગૌતમ બુદ્ધની આધ્યાત્મિક યાત્રા અભૂતપૂર્વ આવકાર મળી રહ્યો છે જ્યાં વાત વાતમાં બંધુક ની ગોળીઓ ચાલે છે. ત્યાં બૌદ્ધ ધર્મ શરણમ ગચ્છામી નો નાદ હવે ગુંજવા લાગ્યો છે. ભારતીય સંસ્કૃતિની આ સૌથી મોટી જીત છે સનાતનની જીત છે.**

વિશ્વના સૌથી શક્તિશાળી દેશોમાં ગણાતા અમેરિકાના હૃદયમાં શાંતિનો સાવ સાદો પરંતુ ગહન સંદેશ લઈને પગપાળા આગળ વધતી બૌદ્ધ સાધુઓની શાંતિયાત્રા આજે વૈશ્વિક ધ્યાન ખેંચી રહી છે. ટેક્સાસ રાજ્યથી શરૂ થયેલી અને વૉશિંગ્ટન સુધી પહોંચવાની આ દીર્ઘ યાત્રા માત્ર ભૌગોલિક અંતર કાપતી મુસાફરી નથી, પરંતુ માનવ હૃદયોને જોડતી એક આધ્યાત્મિક યાત્રા છે. આધુનિકતા, ભૌતિક સુખ અને ઝડપી જીવનશૈલીમાં જીવતા અમેરિકન સમાજને અહિંસા, કરુણા અને શાંતિનો સંદેશ આપતી આ યાત્રા વિશ્વભરમાં આશાનું પ્રતીક બની છે.અમેરિકામાં ૩૯૦૦ કિલોમીટરથી વધુ અંતર કાપતી આ શાંતિયાત્રા ટેક્સાસ રાજ્યમાંથી શરૂ થઈ હતી. ૧૨૦ દિવસ સુધી ચાલનારી આ યાત્રામાં કુલ ૨૪ બૌદ્ધ સાધુઓ જોડાયા છે, જે પગપાળા અલગ અલગ રાજ્યોમાંથી પસાર થઈને અંતે અમેરિકાના પાટનગર વૉશિંગ્ટન પહોંચશે. અત્યાર સુધીમાં ૮૨ દિવસની યાત્રા પૂર્ણ કરીને સાધુઓનો સંઘ નોર્થ કેરોલિનાના શાર્લોટ શહેર સુધી પહોંચી ગયો છે. દરેક રાજ્ય અને શહેરમાં તેમને હર્ષભર્યો આવકાર મળી રહ્યો છે. લોકો ફૂલોથી, સ્મિતથી અને મૌન પ્રાર્થનાથી આ સાધુઓનું સ્વાગત કરે છે. અનેક સ્થળોએ સામાન્ય નાગરિકો થોડા કિલોમીટર સુધી સાધુઓ સાથે પગલાં મિલાવી ચાલે છે, જે આ યાત્રાની માનવીય અસર દર્શાવે છે.

આ શાંતિયાત્રાનું મુખ્ય ઉદ્દેશ્ય યુદ્ધ, હિંસા, જાતિવાદ અને દ્વેષથી પીડાતા વિશ્વને શાંતિનો માર્ગ બતાવવાનો છે. અમેરિકાના વિવિધ રાજ્યોમાં ફરીને સાધુઓ શાંતિ, સહઅસ્તિત્વ અને આંતરિક સંતુલનનો સંદેશ આપી રહ્યા છે. અલગ અલગ રાજ્યોના સ્થાનિક બૌદ્ધ સાધુઓ પણ આ યાત્રામાં જોડાઈ રહ્યા છે, જેના કારણે આ આંદોલન વધુ વ્યાપક અને સંયુક્ત બની રહ્યું છે. શાંતિયાત્રા જ્યાં જ્યાં જાય છે ત્યાં લોકોમાં આત્મમંથન અને સંવાદનો માહોલ સર્જાય છે.


આ યાત્રાની આત્મા ગૌતમ બુદ્ધના જીવનદર્શન સાથે ગાઢ રીતે જોડાયેલી છે. ગૌતમ બુદ્ધનો જન્મ ઈસવી પૂર્વે ૫૬૩માં લુંબિનીમાં થયો હતો, જે આજના નેપાળમાં આવેલું છે. રાજકુમાર સિદ્ધાર્થ તરીકે જન્મેલા બુદ્ધે વૈભવ અને સુખસગવડ વચ્ચે ઉછેર લીધો, પરંતુ માનવ જીવનના દુઃખ, રોગ, વૃદ્ધાવસ્થા અને મરણના દ્રશ્યો જોઈને તેમના મનમાં ગહન પ્રશ્નો ઊભા થયા. આ પ્રશ્નોના ઉત્તર શોધવા માટે તેમણે રાજમહેલ અને રાજસુખનો ત્યાગ કર્યો અને સંન્યાસનો માર્ગ અપનાવ્યો.

દીર્ઘ તપસ્યા અને આત્મચિંતન બાદ બોધગયા ખાતે તેમને બોધિ પ્રાપ્ત થઈ અને તેઓ ગૌતમ બુદ્ધ બન્યા. બુદ્ધે જે માર્ગ દર્શાવ્યો તે મધ્યમ માર્ગ તરીકે ઓળખાય છે, જેમાં અતિભોગ અને અતિકઠોર ત્યાગ બંનેથી દૂર રહેવાની વાત કરવામાં આવી છે. દુઃખનું કારણ તૃષ્ણા છે અને દુઃખથી મુક્તિ માટે કરુણા, સમ્યક વિચાર અને અહિંસા જરૂરી છે, એવો બુદ્ધનો ઉપદેશ આજે પણ એટલો જ પ્રાસંગિક છે. બુદ્ધનું જીવનદર્શન માત્ર ધાર્મિક ઉપદેશ નથી, પરંતુ માનવ જીવનને સંતુલિત અને શાંતિપૂર્ણ બનાવવાની એક વૈશ્વિક ફિલસૂફી છે.

અમેરિકાની આ શાંતિયાત્રામાં બુદ્ધના આ જ સિદ્ધાંતો જીવંત સ્વરૂપે જોવા મળે છે. સાધુઓ કોઈ ભાષણ કે વિવાદ વગર, માત્ર પોતાના પગલાં, મૌન અને સહનશીલતા દ્વારા સંદેશ આપે છે. તેમની શાંત ચાલ, સરળ જીવન અને વિનમ્ર વેશભૂષા લોકોના મનમાં પ્રશ્ન જગાવે છે કે સાચી શાંતિ શું છે અને તે કેવી રીતે પ્રાપ્ત થાય. ભૌતિક સુખોથી ભરપૂર સમાજમાં આંતરિક શાંતિની તરસ કેટલી ઊંડી છે, તે આ યાત્રા સ્પષ્ટ કરે છે.

ટેક્સાસથી લઈને નોર્થ કેરોલિના અને આગળ વૉશિંગ્ટન તરફ વધતી આ યાત્રા દરમિયાન અનેક સાંસ્કૃતિક, સામાજિક અને ધાર્મિક સમુદાયો સાથે સંવાદ સ્થાપિત થઈ રહ્યો છે. ચર્ચો, શાળાઓ, યુનિવર્સિટીઓ અને જાહેર સ્થળોએ સાધુઓનું સ્વાગત થાય છે. યુવાનો, વૃદ્ધો, વિવિધ ધર્મોના અનુયાયીઓ આ યાત્રામાં રસ લે છે અને શાંતિના સંદેશને પોતાની રીતે સમજે છે. આ યાત્રા બતાવે છે કે શાંતિ કોઈ એક દેશ કે ધર્મની મિલકત નથી, પરંતુ સમગ્ર માનવજાતની આવશ્યકતા છે.

આજના સમયમાં જ્યારે વિશ્વ યુદ્ધ, આતંકવાદ, પર્યાવરણીય સંકટ અને માનસિક તાણથી ઘેરાયેલું છે, ત્યારે અમેરિકાની આ શાંતિયાત્રા એક દીવો બનીને ઊભી છે. તે યાદ અપાવે છે કે સાચો બદલાવ બાહ્ય શક્તિથી નહીં, પરંતુ આંતરિક પરિવર્તનથી આવે છે. ગૌતમ બુદ્ધના દેશમાંથી ઉદ્ભવેલી કરુણા અને અહિંસાની વિચારધારા આજે અમેરિકાના રસ્તાઓ પર પગપાળા ચાલી રહી છે, જે વિશ્વ માટે એક



શક્તિશાળી સંદેશ છે.

અંતે કહી શકાય કે ટેક્સાસથી વૉશિંગ્ટન સુધીની બૌદ્ધ સાધુઓની આ શાંતિયાત્રા માત્ર એક યાત્રા નથી, પરંતુ માનવતા માટેની પ્રાર્થના છે. અમેરિકામાં શાંતિનો સંદેશ તેનો મુખ્ય સૂર બનીને ગુંજાય છે અને દુનિયાને યાદ અપાવે છે કે શાંતિનો માર્ગ લાંબો હોઈ શકે, પરંતુ તે ચાલીને જ પૂર્ણ થાય છે.

# ભારત-પાકિસ્તાન મેગા-મેચ એક જ દિવસ ૧૫મી તારીખે બે વાર રમાશે

મુંબઈ,

જ્યારે પણ ભારત અને પાકિસ્તાન ક્રિકેટના મેદાન પર સામસામે આવે છે, ત્યારે વિશ્વભરના ક્રિકેટ ચાહકો સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત કરે છે. આ વખતે, ભારત અને પાકિસ્તાન વચ્ચે એક જ દિવસે બે મેગા-મેચ રમાશે. ક્રિકેટ ચાહકો માટે આ એક રોમાંચક દિવસ બનવાનો છે. હવે તમે વિચારી રહ્યા હશો કે એક જ દિવસમાં બે ભારત-પાકિસ્તાન મેચ કેવી રીતે શક્ય બની શકે? આ પ્રશ્નનો જવાબ છેઃ હા, ભારત અને પાકિસ્તાન વચ્ચે આવતા મહિનાની ૧૫મી તારીખે બે મેચ રમાશે.



હકીકતમાં, ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ૭ ફેબ્રુઆરીથી શરૂ થશે. આ ટુર્નામેન્ટ ભારત અને શ્રીલંકાની ધરતી પર રમાશે, જેમાં ભારતીય ક્રિકેટ ટીમ ૧૫મી ફેબ્રુઆરીએ પાકિસ્તાનનો સામનો કરશે. આ મેચ કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં સાંજે ૭ વાગ્યે શરૂ થશે. આ ૧૫મી ફેબ્રુઆરીએ લગભગ એક મેચ હતી. હવે વાત કરીએ ભારત અને પાકિસ્તાન વચ્ચેની બીજી મેચની.

ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ભારત-પાકિસ્તાન મેચ પહેલા, થાઈલેન્ડની રાજધાની થાઈલેન્ડમાં ઈન્ડિયા વિરૂધ્ધ પાકિસ્તાન મેચ પણ રમાશે. રસપ્રદ વાત એ છે કે આ મેચ ૧૫મી ફેબ્રુઆરીએ ટી ૨૦ ફોર્મેટમાં પણ રમાશે. હવે તમે વિચારી રહ્યા હશો કે આ કયો મેચ હશે. તમારી માહિતી માટે, ભારત અને પાકિસ્તાન વચ્ચેની આ મેચ એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ ૨૦૨૬ ટુર્નામેન્ટમાં રમાશે. ટુર્નામેન્ટના સમયપત્રકની જાહેરાત પછી, એ સ્પષ્ટ થઈ ગયું કે ભારત અને પાકિસ્તાન ૧૫ ફેબ્રુઆરીએ બે વાર એકબીજા સામે ટકરાશે. જોકે, સારા સમાચાર એ છે કે બંને મેચનો સમય અલગ છે, જેનાથી ચાહકો બંને મેચનો આનંદ માણી શકશે.કુલ ૮ ટીમો ભાગ લેશે

જ્યારે પુરુષોની ટીમો ટી ૨૦ વર્લ્ડ કપમાં ભાગ લેશે, ત્યારે મહિલા ટીમો એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ ૨૦૨૬ માં પોતાનું કૌશલ્ય દર્શાવતી જોવા મળશે. મહિલા એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ ૨૦૨૬ માં કુલ ૮ ટીમો ભાગ લેશે, જેને બે ગ્રુપમાં વિભાજિત કરવામાં આવશે. ભારત અને પાકિસ્તાનને એક જ ગ્રુપમાં મૂકવામાં આવ્યા છે. ગ્રુપ એમાં ભારત છ, પાકિસ્તાન એ,યુએઈ અને નેપાળનો સમાવેશ થાય છે. ગ્રુપ બીમાં બાંગ્લાદેશ છ, શ્રીલંકા છ, મલેશિયા અને યજમાન થાઈલેન્ડનો સમાવેશ થાય છે.મહિલા રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપ ૨૦૨૬ સંપૂર્ણ સમયપત્રક ૧૩ ફેબ્રુઆરીઃ પાકિસ્તાન એ વિરુદ્ધ નેપાળ : ભારત એ વિરુદ્ધ યુએઈ ,૧૪ ફેબ્રુઆરી મલેશિયા વિરુદ્ધ થાઈલેન્ડ, બાંગ્લાદેશ એ વિરુદ્ધ શ્રીલંકા એ, ૧૫ ફેબ્રુઆરી ,યુએઈ વિરુદ્ધ નેપાળ ,ભારત એ વિરુદ્ધ પાકિસ્તાન એ ,૧૬ ફેબ્રુઆરી,શ્રીલંકા એ વિરુદ્ધ મલેશિયા ,બાંગ્લાદેશ એ વિરુદ્ધ થાઈલેન્ડ ,૧૭ ફેબ્રુઆરી,ભારત એ વિરુદ્ધ નેપાળ ,પાકિસ્તાન એ વિરુદ્ધ યુએઈ ,૧૮ ફેબ્રુઆરી,બાંગ્લાદેશ એ વિરુદ્ધ મલેશિયા ,શ્રીલંકા એ વિરુદ્ધ થાઈલેન્ડ ,૨૦ ફેબ્રુઆરી,સેમિફાઈનલ ૧ ,સેમિફાઈનલ ૨ ,ફેબ્રુઆરી ૨૨ ફાઈનલ...

# શુભમન ગિલ વનડે શ્રેણી પછી આરામ કરશે નહીં, રણજી ટ્રોફીમાં પંજાબ માટે રમશે

નવીદિલ્હી,

ભારતના ટેસ્ટ અને વનડે કેપ્ટન શુભમન ગિલે રવિવારે સમાપ્ત થયેલી ન્યુઝીલેન્ડ સામેની વનડે શ્રેણી પછી આરામ ન કરવાનો નિર્ણય લીધો છે. તે ગુરુવારથી રાજકોટમાં સૌરાષ્ટ્ર સામે રણજી ટ્રોફી મેચમાં પંજાબ માટે રમશે. વિજય હજારે ટ્રોફીના સમાપન પછી, રણજી ટ્રોફીનો આગળનો તબક્કો હવે ચાલી રહ્યો છે.



ગિલ ન્યુઝીલેન્ડ સામેની વનડે શ્રેણીમાં ત્રણેય મેચ રમ્યો હતો. કિવીઝ સામેની પાંચ મેચની ટી૨૦ શ્રેણી માટે તેની પસંદગી કરવામાં આવી નથી. આરામ કરવાને બદલે, તેણે તાત્કાલિક રેડ-બોલ ક્રિકેટમાં પાછા ફરવાનું પસંદ કર્યું છે. ૨૬ વર્ષીય ખેલાડીનું લક્ષ્ય પંજાબને રણજી ટ્રોફી નોકઆઉટમાં લઈ જવાનું રહેશે. પંજાબ ટીમના નજીકના સૂત્રએ જણાવ્યું હતું કે, "શુભમનએ વનડે શ્રેણી પછી આરામ ન કરવાનો નિર્ણય લીધો છે. ઈન્દોરથી રાજકોટ પહોંચવામાં તેને આઠ કલાક લાગ્યા કારણ કે કોઈ સીધી ફ્લાઈટ ઉપલબ્ધ નથી."

પંજાબ હાલમાં ગ્રુપ બીમાં છઠ્ઠા સ્થાને છે અને પાંચ મેચમાંથી ૧૧ પોઈન્ટ ધરાવે છે. આગામી રાઉન્ડમાં સ્થાન મેળવવા માટે તેને બાકીની ત્રણેય મેચ જીતવી પડશે. ગિલની વાપસીથી તેની બેટિંગ મજબૂત થઈ છે. કોલકાતામાં દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટમાં ઈજાગ્રસ્ત થયા બાદ ગિલ પહેલીવાર રેડ-બોલ ક્રિકેટ રમશે.

# શક્તિશાળી બેટ્સમેન બાબર અને ગિલના વિશ્વ રેકોર્ડને તોડવાથી માત્ર નવ રન દૂર રહ્યો છતાં તેણે ઈતિહાસ રચ્યો



ઈન્દોર,

ડેરિલ મિશેલે ઈન્દોરમાં રમાયેલી ત્રીજી વનડેમાં ભારત સામે શાનદાર સદી ફટકારી. મિશેલની વિસ્ફોટક સદીને કારણે, ન્યુઝીલેન્ડે ભારતને ૪૧ રનથી હરાવ્યું અને ત્રણ મેચની શ્રેણી ૨-૧થી જીતી લીધી. ડેરિલ મિશેલે ૧૩૧ બોલમાં ૧૩૭ રન બનાવ્યા, જેમાં ૧૫ ચોગ્ગા અને ૩ છગ્ગાનો સમાવેશ થાય છે. તેણે ભારત સામે સતત બીજી મેચમાં સદી ફટકારી. આ પ્રભાવશાળી પ્રદર્શનથી તેને પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ મળ્યો. તેણે ત્રણ મેચની વનડે શ્રેણીમાં કુલ ૩૫૨ રન બનાવ્યા, જેમાં ૨ સદી અને ૧ અડધી સદીનો સમાવેશ થાય છે.

ડેરિલ મિશેલને ભારત સામેની વનડે શ્રેણીમાં શુભમન ગિલ અને બાબર આઝમનો પ્રભાવશાળી વિશ્વ રેકોર્ડ તોડવાની તક મળી હતી, પરંતુ તે માત્ર થોડા રનથી તે ચૂકી ગયો. હકીકતમાં, મિશેલ ૩ મેચની વનડે શ્રેણીમાં સૌથી વધુ રન બનાવવાના રેકોર્ડથી માત્ર ૯ રન દૂર રહ્યો. જો તેણે વધુ ૮ રન બનાવ્યા હોત, તો તે વનડે શ્રેણીમાં સૌથી વધુ રન બનાવવાના રેકોર્ડથી બાબર આઝમ અને શુભમન ગિલની બરાબરી કરી શક્યો હોત. વધુમાં, ૯ રન સાથે, તે વનડે શ્રેણીમાં સૌથી વધુ રન બનાવવા માટે બાબર અને ગિલને પાછળ છોડી ગયો હોત. જો કે, આવું થયું નહીં, અને મિશેલને વનડે શ્રેણીમાં ત્રીજા સૌથી વધુ રન બનાવવાના રેકોર્ડથી સંતોષ માનવો પડ્યો.

ડેરિલ મિશેલ ભલે ગિલ અને બાબરને પાછળ છોડી શક્યો ન હોય, પરંતુ તે ત્રણ મેચની વનડે શ્રેણીમાં ૩૫૦ થી વધુ રન બનાવનાર ન્યુઝીલેન્ડનો પ્રથમ બેટ્સમેન અને વિશ્વનો ફક્ત ત્રીજો બેટ્સમેન બન્યો.

ત્રણ મેચની વનડે શ્રેણીમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન : બાબર આઝમ - ૩૬૦,શુભમન ગિલ - ૩૬૦,ડેરિલ મિશેલ - ૩૫૨,ઈમરુલ કાયસ - ૩૪૯,પથુમ નિસાંકા - ૩૪૬,ક્વિન્ટન ડી કોક - ૩૪૨,માર્ટિન ગુપ્ટિલ - ૩૩૦..

# મિશેલ વનડે શ્રેણીમાં સૌથી વધુ રન બનાવનાર કિવી બેટ્સમેન બન્યો, કોહલીએ પોતાની સદી સાથે કયો નવો રેકોર્ડ બનાવ્યો?

મુંબઈ,

ન્યુઝીલેન્ડે રવિવારે ઈન્દોરના હોલકર સ્ટેડિયમ ખાતે રમાયેલી ત્રીજી અને નિર્ણાયક વનડે મેચમાં ભારતને હરાવ્યું, ત્રણ મેચની વનડે શ્રેણી ૨-૧ થી જીતી. આ વિજય ફક્ત એક મેચ કે શ્રેણી માટે નહોતો, પરંતુ તે ઈતિહાસ રચનારો હતો, કારણ કે તે ભારતમાં ભારત સામે ન્યૂઝીલેન્ડનો પ્રથમ દ્વિપક્ષીય વનડે શ્રેણી વિજય હતો.



ડેરિલ મિશેલ આ શ્રેણીનો સૌથી મોટો હીરો હતો. તેણે ત્રણ મેચમાં ૩૫૨ રન બનાવ્યા. આ ત્રણ મેચની વનડે શ્રેણીમાં બાબર આઝમ (૩૬૦ વિરુદ્ધ વેસ્ટ ઈન્ડિઝ, ૨૦૧૬) અને શુભમન ગિલ (૩૬૦ વિરુદ્ધ ન્યૂઝીલેન્ડ, ૨૦૨૩) પછીનો ત્રીજો સૌથી વધુ સ્કોર છે.મિશેલના ૩૫૨ રન ત્રણ મેચની દ્વિપક્ષીય શ્રેણીમાં ન્યૂઝીલેન્ડનો સૌથી વધુ સ્કોર છે. તેણે માર્ટિન ગુપ્ટિલનો ૨૦૧૩નો રેકોર્ડ (૩૩૦ રન) તોડ્યો. આ ન્યૂઝીલેન્ડનો એકંદરે ચોથો સૌથી વધુ શ્રેણી સ્કોર છે.

ભારત વિરુદ્ધ ન્યુઝીલેન્ડ વનડે શ્રેણી ૨૦૨૬ માં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન ડેરિલ મિશેલ વિરાટ કોહલી રેકોર્ડ આંકડા

મિશેલનું ભારત સામે પ્રદર્શન : મિશેલ પાસે હવે વનડેમાં ચાર ૧૩૦+ સ્કોર છે.આ ન્યૂઝીલેન્ડ માટે સંયુક્ત રીતે સૌથી વધુ છે. આ ચારેય ઈનિંગ્સ ભારત સામે આવી છે, જે ભારત સામે કોઈપણ બેટ્સમેન દ્વારા સૌથી વધુ છે. આ પહેલા, આ રેકોર્ડ સનથ જયસૂર્યા (૩) ના નામે હતો.દુનિયામાં ફક્ત ત્રણ બેટ્સમેનોએ એક જ ટીમ સામે ચાર કે તેથી વધુ ૧૩૦+ સ્કોર બનાવ્યા છે.: સચિન તેંડુલકર (ઓસ્ટ્રેલિયા સામે ૫) રોહિત શર્મા (ઓસ્ટ્રેલિયા સામે ૫),વિરાટ કોહલી (શ્રીલંકા સામે ૪),ભારતની ભૂમિ પર ભારત સામે મિશેલનું વર્ચસ્વ ભારત સામે મિશેલની ચારેય વનડે સદી ભારતમાં આવી છે.

# પ્રજાસત્તાક દિવસની પરેડમાં વંદે માતરમની નવી રચના રજૂ કરશે એમએમ કીરવાણી, દેશભરના ૨,૫૦૦ કલાકારો પરફોર્મ કરશે

મુંબઈ,

પ્રજાસત્તાક દિવસની પરેડ ઘણી રીતે ખાસ છે. હવે, ૨૦૨૬ની પ્રજાસત્તાક દિવસની પરેડ વધુ ખાસ બનવા જઈ રહી છે. કારણ કે આ વખતે, ઓસ્કાર વિજેતા સંગીતકાર એમ.એમ. કીરવાની દ્વારા રચિત એક સૂર આ પ્રસંગે સંભળાશે. રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ" ની ૧૫૦મી વર્ષગાંઠ પર, એમ.એમ. કીરવાની પ્રજાસત્તાક દિવસની પરેડ માટે સંગીત કંપોઝ કરશે.

એમ.એમ. કીરવાની ૨૬ જાન્યુઆરીએ રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ" ની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે ભવ્ય પ્રજાસત્તાક દિવસની પરેડ માટે સંગીત કંપોઝ કરશે. આ જાહેરાતથી સોશિયલ મીડિયા પર ઉત્સાહનો માહોલ સર્જાયો છે. આ સમાચારની પુષ્ટિ કરતા, એમ.એમ. કીરવાનીએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી. આ સન્માન માટે કૃતજ્ઞતા વ્યક્ત કરતા કીરવાનીએ લખ્યું, "મિત્રો, વંદે માતરમ ગીતની ૧૫૦મી વર્ષગાંઠના શુભ પ્રસંગે, મને સંસ્કૃતિ મંત્રાલય હેઠળ ૨૬ જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસની પરેડ માટે સંગીત રચવાનો લહાવો મળ્યો છે. દેશભરમાંથી ૨,૫૦૦ કલાકારો આ ભવ્ય પ્રસ્તુતિમાં ભાગ લેશે. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે જોડાયેલા રહો." ચાલો વંદે માતરમની ઉજવણી કરીએ.'પ્રજાસત્તાક દિવસે, ભારતભરમાંથી ૨૫૦૦ કલાકારોનું એક મોટું જૂથ પ્રદર્શન કરશે, જે દેશના સ્વતંત્રતા સંગ્રામમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનારા ગીતને શક્તિશાળી શ્રદ્ધાંજલિ આપશે. એમએમ કીરવાનીના નેતૃત્વમાં, શાસ્ત્રીય ઊંડાણ, સાંસ્કૃતિક વિવિધતા અને દેશભક્તિની ભાવનાથી ભરપૂર આ પ્રદર્શન દેશના સૌથી મોટા ઉત્સવ મંચોમાંના એક પર રજૂ કરવામાં આવશે.કામના મોરચે, એમએમ કીરવાની ફરી એકવાર એસએસ રાજામૌલી સાથે સહયોગ કરી રહ્યા છે. કીરવાની રાજામૌલીની આગામી ફિલ્મ 'વારાણસી' માટે સંગીત આપી રહ્યા છે. ગયા વર્ષે ફિલ્મના 'ગ્લોબેટ્રોટર' ઈવેન્ટમાં એમએમ કીરવાની દ્વારા રચિત એક ગીત લોન્ચ કરવામાં આવ્યું હતું. આ ગીત શ્રુતિ હાસને ગાયું છે. જ્યારે તેના શબ્દો ચૈતન્ય પ્રસાદે લખ્યા છે.

# તારક મહેતા ફેમ બબીતા ૩૮ વર્ષની ઉંમરે કરશે લગ્ન!

## મુનમુન દત્તાએ રણવીર અલ્હાબાદિયાના પોડકાસ્ટ પર પ્રેમ, લગ્ન અને બ્રેકઅપ્સ વિશે વાત કરી

મુંબઈ,

પ્રખ્યાત ટેલિવિઝન તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા..ફેમ બબીતા એટલે કે મુનમુન દત્તા ફરી એકવાર હેડલાઈન્સમાં છે, કારણ કે તેના લગ્નના સમાચાર ઓનલાઈન ફેલાઈ રહ્યા છે. ''તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'' ની અભિનેત્રી હજુ પણ અપરિણીત છે અને ટેલિવિઝન ઉદ્યોગની સૌથી સુંદર અભિનેત્રીઓમાંની એક છે. ૩૮ વર્ષની ઉંમરે પણ, મુનમુન ખૂબ જ સુંદર દેખાય છે અને તેની ફિટનેસ અને શારીરિક ક્ષમતામાં કોઈપણ અભિનેત્રીને ટક્કર આપી શકે છે. તેણીએ તાજેતરમાં જ તેના લગ્ન અને તે કેવા પુરુષની શોધમાં છે તે વિશે ખુલાસો કર્યો.મુનમુન દત્તાએ રણવીર અલ્હાબાદિયાના પોડકાસ્ટ પર પ્રેમ, લગ્ન અને બ્રેકઅપ્સ વિશે વાત કરી. લગ્ન વિશે પૂછવામાં આવતા મુનમુને કહ્યું, હું પ્રેમમાં છું. મને હજુ સુધી સ્પષ્ટતા નથી કે હું લગ્ન કરવા માંગુ છું કે નહીં. જો તે મારા નસીબમાં હશે તો હું લગ્ન કરીશ. હું એવી છોકરી નથી જે લગ્નનો પીછો કરે છે. બાળપણથી મેં ક્યારેય આવા પતિ કે આવા લગ્નનું સ્વપ્ન જોયું નથી.તેને કેવા પ્રકારના છોકરા ગમે છે? અભિનેત્રીએ કહ્યું, તે છોકરો દેખાવડો હોવો જોઈએ. સ્માર્ટ હોવો જોઈએ. તેની પાસે પૈસા હોવા જોઈએ. તેની પાસે વાતચીત કરવાની કુશળતા હોવી જોઈએ. હું એવી છોકરી નથી જે જુઠ્ઠું બોલે છે. હું આ બધી વસ્તુઓ એક છોકરામાં ઈચ્છું છું. આજકાલ, મને કોરિયન કલાકારો પર ખૂબ જ ક્રશ છે. મને તેઓ ગમે છે.



# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ડ | ણા | ભા | ગુ | ગ | ગ | ડ | લી | ગુ | ગં | ક્રો | ણા |
| મ | ળ | ફ | અઃ | મ | જ | મ | ણ | લા | કા | દ | લ |
| રો | તા | પ | સ | ન | ના | રી | શિ | મ | ચ | ધ | રી |
| કા | ઈ | ણા | ગુ | અ | મ | મ | ગ | ઝ | લ | મ | હિ |
| અં | એ | ર | વા | મા | દ | અ | ત | ર | રો | ડો | ચી |
| રો | બા | ઊ | દા | મ | ન | ગ | ણ | મો | વા | મ | બા |
| શિ | ગ | અઃ | બં | ર | આ | ચ | અઃ | ણા | અઃ | ર | ગં |
| દ | ઓ | અ | ન | ભો | ક | કા | પ્ર | અ | દા | ક | પ્ર |
| તી | ર | અ | ભ | ચા | અઃ | બં | સ | પ્રા | ઈ | ણે | આ |
| ળો | કા | બૂ | ર | આ | આ | કા | સા | બ | કા | સ | રી |
| સા | અ | ઓ | ર | ક | આ | જ્ઞા | ન | ધ | અં | ર | ભો |
| ર | દ | ફ | ર | હિ | આ | જ્ઞા | કા | બ | ળ | સા | મ |

શબ્દ શોધો

ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# વિવાદ વચ્ચે, એઆર રહેમાનની પુત્રીઓ તેમના પિતાને ટેકો આપે છે, અપમાન અને ટીકા વિશે બોલે



મુંબઈ,

પીઢ સંગીતકાર એઆર રહેમાન હાલમાં ફિલ્મ અને સંગીત ઉદ્યોગ પર તેમની ટિપ્પણીઓને કારણે સમાચારમાં છે. રહેમાને કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં બોલિવૂડમાં તેમના કામના અભાવ પાછળ સાંપ્રદાયિક કારણો હોઈ શકે છે. વ્યાપક પ્રતિક્રિયાઓ પછી, તેમણે સ્પષ્ટતા જારી કરી, પરંતુ તેમના નિવેદન પર ચર્ચા ચાલુ છે. દરમિયાન, સંગીતકારની પુત્રીઓ, ખતીજા અને રહીમાએ આ બાબતે પ્રતિક્રિયા આપી છે. તેમણે સીધી ટિપ્પણી કરી નથી, પરંતુ મલયાલમ સંગીતકાર કૈલાશ મેનનની ટિપ્પણી શેર કરી છે, જેમાં વિવાદ પર તેમના મંતવ્યો જાહેર કરવામાં આવ્યા છે.

ખાતીજા અને રહીમાએ રહેમાન વિવાદ પર કૈલાશ મેનનની પોસ્ટ તેમની ઈન્સ્ટાગ્રામ વાર્તાઓ પર શેર કરી છે. તેમની પોસ્ટમાં, કૈલાશ મેનને "અસંમત, અપમાન ન કરો" શીર્ષકવાળી એક લાંબી નોંધ શેર કરી છે. તેમાં, તેમણે લખ્યું છે કે, "જે લોકો એઆર રહેમાન પર પોતાના મનની વાત કહેવાનો આરોપ લગાવી રહ્યા છે તેઓ એક મૂળભૂત મુદ્દાને અવગણી રહ્યા છે. તેમણે પોતાના મનની વાત કહી. તે તેમનો અધિકાર છે. તમે તેમની સાથે અસંમત હોઈ શકો છો, પરંતુ તમે તેમને તેમના અનુભવો વ્યક્ત કરવાની સ્વતંત્રતાથી વંચિત રાખી શકતા નથી." વૈશ્વિક સ્તરે આદરણીય કલાકારને અપમાનજનક કહેવું, તેમના ધર્મ પર પ્રશ્ન ઉઠાવવો, તેમની તાજેતરની રચનાઓની મજાક ઉડાવવી અને તેમના જીવનના અનુભવોનો પીડિત કાર્ડ તરીકે ઉપયોગ કરવો એ ટીકા નથી. તે મંતવ્યો તરીકે રજૂ કરાયેલી દ્વેષપૂર્ણ ટિપ્પણીઓ છે. ટીકા ઠીક છે, પરંતુ આદર વિના ગુસ્સો દર્શાવવાથી તેમના વિશે ઓછું અને આપણા વિશે વધુ કહેવાય છે.'રહેમાનની બે પુત્રીઓએ કૈલાશ મેનનની આ પોસ્ટ તેમની ઈન્સ્ટાગ્રામ વાર્તાઓ પર શેર કરી.

**આત્મનિર્ભરતા, સ્વદેશી વિચારધારા અને સનાતન ઇકોનોમિક્સના આધારે**

# આવનારા સમયમાં સ્થિર અને વિશ્વસનીય વૈશ્વિક શક્તિ તરીકે ઊભરી શકે છે ભારત

## ભાવનગરમાં જાણીતા જિયોપોલિટિકલ એક્સપર્ટ ડૉ. અંકિતભાઈ શાહે ઊંડાણપૂર્વક અને વિચારપ્રેરક વિશ્લેષણ રજૂ કર્યું

ભાવનગર,તા.૨૧

વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં ઝડપથી બદલાતા વૈશ્વિક સત્તા-કેન્દ્રો, આર્થિક સમીકરણો અને નાણાકીય વ્યવસ્થામાં આવી રહેલા ધરખમ ફેરફારો અંગે ઊંડાણપૂર્વક અને વિચારપ્રેરક વિશ્લેષણ રજૂ કરતાં જાણીતા જિયોપોલિટિકલ એક્સપર્ટ ડૉ. અંકિતભાઈ શાહનું વ્યાખ્યાન ભાવનગરમાં તાજેતરમાં યોજાયું.





ભારતીય વિચાર મંચ, ભાવનગર કેન્દ્ર તથા ભાવનગર ઈલેક્ટ્રોનિક્સ એન્ડ સોફ્ટવેર ઈન્ડસ્ટ્રી એસોસિએશન (BESIA) ના સંયુક્ત ઉપક્રમે અને સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સના સહયોગથી "Changing Global Order and the Upcoming Financial Reset" વિષય પર તા. ૧૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ઝવેરચંદ મેઘાણી મિની થિયેટર, સરદારનગર ખાતે વ્યાખ્યાનનું આયોજન થયું.

વ્યાખ્યાન દરમિયાન ડૉ. અંકિતભાઈ શાહે જણાવ્યું હતું કે, આજનું વિશ્વ એક નવા યુગમાં પ્રવેશી રહ્યું છે, જ્યાં પશ્ચિમી દેશોના પ્રભુત્વ આધારિત વૈશ્વિક વ્યવસ્થાનું પુનઃસંતુલન થઈ રહ્યું છે. ભારત, ચીન અને અન્ય ઉભરતી અર્થવ્યવસ્થાઓ વૈશ્વિક મંચ પર નવી શક્તિ તરીકે ઉપસી રહી છે. આ પરિવર્તન માત્ર રાજકીય નથી, પરંતુ તેનો વ્યાપ આર્થિક, નાણાકીય, વ્યાપારિક અને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં પણ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે.

ડૉ અંકિતભાઈ શાહે "ફાઈનાન્સિયલ રિસેટ"ની સંકલ્પનાને સરળ શબ્દોમાં સમજાવતા જણાવ્યું કે, અતિશય કરજ, ચલણનું અવમૂલ્યન અને વૈશ્વિક નાણાકીય વ્યવસ્થામાં ઘટતો વિશ્વાસ આ તમામ પરિબળો એક મૂળભૂત પુનઃરચનાની માંગ કરે છે. આ પ્રક્રિયામાં ડી-ડોલરાઈઝેશન, ગોલ્ડના ભાવોમાં ફેરફાર, ડિજિટલ કરન્સી અને નવી આંતરરાષ્ટ્રીય ચુકવણી પદ્ધતિઓ મહત્વની ભૂમિકા ભજવશે.

ડૉ. શાહે પોતાના વિશ્લેષણમાં અમેરિકા–ઈરાન સંઘર્ષ, વૈશ્વિક યુદ્ધોની સંભાવનાઓ, ફેડરલ રિઝર્વની નીતિઓ અને ગોલ્ડના ભાવ જેવા મુદ્દાઓ પર પણ પ્રકાશ પાડ્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, આત્મનિર્ભરતા, સ્વદેશી વિચારધારા અને "સનાતન ઈકોનોમિક્સ" જેવા મોડલ્સના આધારે ભારત આવનારા સમયમાં એક સ્થિર અને વિશ્વસનીય વૈશ્વિક શક્તિ તરીકે ઊભરી શકે છે.

આ કાર્યક્રમમાં બેસિયા એસોસિએશન, ચેમ્બર અને ચિત્રા ઈન્ડસ્ટ્રી એશોસીએશનના મેમ્બર સહિત ભાવનગરના અનેક પ્રતિષ્ઠિત અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ અને સામાજિક અગ્રણીઓ સહિત પ્રજ્ઞાવાન નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે અંકિતભાઈએ શ્રોતાઓના પ્રશ્નોના ઉત્તર આપ્યા હતા અને સરસ પ્રશ્નો પૂછનાર વક્તિઓને પોતાનું લખેલું પુસ્તક ભેટ સ્વરૂપે આપ્યું હતું. આ વ્યાખ્યાન દ્વારા ભાવનગરના નાગરિકો, ઉદ્યોગપતિઓ અને વ્યવસાયિકોને વૈશ્વિક પરિવર્તનોને સમજવા અને પોતાના વ્યવસાયિક તથા વ્યૂહાત્મક નિર્ણયો માટે વિશાળ દૃષ્ટિ મળી એવો કાર્યક્રમના અંતે ઉપસ્થિત શ્રોતાઓનો અભિપ્રાય હતો.

**પશ્ચિમ રેલ્વે ભાવનગર મંડળ**

**સિગ્નલિંગ ગિયર્સ/મટીરીયલ્સની સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ**

પશ્ચિમ રેલ્વેના ડિવિઝનલ રેલ્વે, મેનેજર (એસ એન્ડ ટી), ભાવનગર નીચેના કામો માટે ભારતના રાષ્ટ્રપતિ વતી ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે. ટેન્ડર નં. ૫૨-૨૦૨૫ઃ ભાવનગર વિભાગઃ સુરેન્દ્રનગર-પીપાવાવ વિભાગના સંબંધમાં સિગ્નલિંગ ગિયર્સ/ મટીરીયલ્સની સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. ભાવનગર વિભાગના ૧૩ નંબર WSL LC ગેટ પર મિકેનિકલ લિફ્ટિંગ બેરિયરને સ્લાઈડિંગ બૂમ સાથે ઈલેક્ટ્રિકલ લિફ્ટિંગ બેરિયરથી બદલવા. અંદાજિત કિંમતઃ ૨,૨૦,૫૬,૬૩૭.૫૨/- (રૂ. બે કરોડ વીસ લાખ છપ્પન હજાર છસો સાડત્રીસ રૂપિયા અને બાવન પૈસા માત્ર) બોલી લગાવનારાઓએ ફક્ત www.ireps.gov.in લિંક દ્વારા ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૦૯/૦૨/૨૦૨૬ ૧૫.૦૦ કલાક સુધી.

BVP 251

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**ન્યૂઝ ફ્લેશ**

બગદાણાના બહુચર્ચિત હુમલા પ્રકરણે જયરાજ આહીરને આજે સાંજે ૫ વાગ્યે SIT સમક્ષ હાજર થવા નોટિસ ઈસ્યુ કરાઈ

**ન્યૂઝ ફ્લેશ**

ભાવનગરની મહિલા પોલીસ કર્મચારી ઉપર દુષ્કર્મ થયાની ઘટના સામે આવતા ચકચાર, પોલીસ ફરિયાદ નોંધાવાઈ, સોસીયલ મીડિયા મારફત આરોપીના સંપર્કમાં આવી હોવાની ચર્ચા

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી નં ૨૬૫/૨૦૨૫**
**જ.તા.૨૬/૧૧/૧૯૭૨**

**શ્રી અહદભાઈ ઈસ્માઈલભાઈ કુરેશી,**
**રહે. માઢીયા ફળી, વડવા, ભાવનગર**
**મો.૯૬૨૪૯૫૪૦૪૫**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી અહદભાઈ ઈસ્માઈલભાઈ કુરેશીએ, તેમનો જન્મ તા.૨૬/૧૧/૧૯૭૨ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૦/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**

**અનુસંધાન ૬**

## પાલીતાણાની પરિણીતાએ

મરજી વિરૂદ્ધ ચોકલેટ આપી, કોઇને કહેતી નહી તેવી ધાકધમકી આપી હતી અને બાદમાં સાસરીયાઓએ પરિણીતાને ઢીકાપાટુનો મારમારી, પિયરમાં મુકી, આજદિન સુધી તેડવા ન આવતા પ્રિયંકાબેને તેમના તબીબ પતિ મેહુલભાઇ નાગજીભાઇ સોલંકી, સસરા નાગજીભાઇ દુદાભાઇ સોલંકી, સાસુ લીલાબેન નાગજીભાઇ સોલંકી તેમજ નણંદ તમન્ના નાગજીભાઇ સોલંકી (રહે. તમામ આનંદનગર રાભડા રોડ, દામનગર) વિરૂદ્ધ પાલિતાણા ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

## ઈંગ્લીશ દારૂની બોટલ સાથે મહુવાનો શખ્સ ઝડપાયો

ભાવનગર,તા.૨૧

ભાવનગર જિલ્લાના મહુવા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે મળેલી બાતમીના આધારે બંદરરોડ, કંપોઝના ખાડા પાસે રેડ પાડતા એક્સેસ સ્કૂટર ઉપર બેઠેલા શખ્સને નામ પુછતા પોતે મેહુલ જીતેન્દ્રભાઈ ડોડીયા રહે,મહુવા વાળો હોવાનું જણાવતા તેના એક્સેસની ડીકી ખોલી તલાશી લેતા તેમાંથી ઈંગ્લીશ દારૂની ૭૫૦ એમએલની સીલપેક બોટલ મળી આવતા સ્કુટર અને દારૂની બોટલ મળી રૂ.૫૧,૧૦૦ના મુદ્દામાલ સાથે તેની અટકાયત કરેલ અને તેની તથા તેને દારૂના વેચાણમાં સહયોગ આપનાર મહુવાના ઋષિ સોલંકી નામના શખ્સ મળી બંને સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**શ્રી મનજીભાઈ રવજીભાઈ મોરડીયા,**
**રહે. મુ. નારી, એસ.બી.આઈ.પાસે, નવાપરા, તા.જિ. ભાવનગર**

**અરજી રજી. નં ૨૬૩/૨૦૨૫**
**મૃ.તા.૨૦/૧૦/૧૯૮૫**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**
**ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મૃત્યુની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મનજીભાઈ રવજીભાઈ મોરડીયાએ તેમના દાદા સ્વ.ડાયાભાઈ લાલાભાઈ મોરડીયાનું મૃત્યુ તા.૨૦/૧૦/૧૯૮૫ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૯/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**શ્રી મનજીભાઈ રવજીભાઈ મોરડીયા,**
**રહે. મુ. નારી, એસ.બી.આઈ.પાસે, નવાપરા, તા.જિ. ભાવનગર**

**અરજી રજી. નં ૨૫૬/૨૦૨૫**
**મૃ.તા.૧૫/૦૭/૧૯૮૦**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**
**ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મૃત્યુની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મનજીભાઈ રવજીભાઈ મોરડીયાએ તેમના દાદી સ્વ.ગોદાવરીબેન ડાયાભાઈ મોરડીયાનું મૃત્યુ તા.૧૫/૦૭/૧૯૮૦ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૯/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી. નં ૨૯૭/૨૦૨૫**
**જ.તા.૦૭/૦૮/૧૯૮૮**

**શ્રી કનીઝબાનુ રફીકહુસેન વસાયા,**
**રહે. દેવજીભગતની ધર્મશાળા, જાડેજાનો ડેલો, મુનાફભાઈના મકાનમાં, ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**
**ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી કનીઝબાનુ રફીકહુસેન વસાયાએ તેમના પુત્ર ઓન મહમદ રફીકહુસેન વસાયાનો જન્મ તા.૦૭/૦૮/૧૯૮૮ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૨/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી નં ૨૭૪/૨૦૨૫**
**જ.તા.૦૮/૦૮/૨૦૨૨**

**શ્રી ઉમર દિલાવર શેખ,**
**રહે. પ્લોટ નં.૨૮, વામ્બે આવાસ, ચિત્રા, ફુલસર ભાવનગર. મો.૯૧૭૩૪૯૬૩૨૪**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ઉમર દિલાવર શેખએ, તેમના પુત્રી મરીયમ ઉમર શેખનો જન્મ તા.૦૮/૦૮/૨૦૨૨ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૦/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી. નં ૨૪૬/૨૦૨૫**
**મૃ.તા.૧૪/૦૯/૧૯૯૮**

**શ્રી પ્રભાબેન છગનભાઈ દિહોરા,**
**રહે. પ્લોટ નં. ૭૪, મેન બજાર કોળીયાક, ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**
**ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મૃત્યુની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી પ્રભાબેન છગનભાઈ દિહોરાએ તેમના પુત્ર બુધેશભાઈ છગનભાઈ દિહોરાનું મુત્યુ તા.૧૪/૦૯/૧૯૯૮ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૨/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી. નં ૨૬૯/૨૦૨૫**
**જ.તા.૧૩/૦૪/૧૯૬૦**

**શ્રી અબ્દુલભાઈ જીવાભાઈ બિલખીયા,**
**રહે. રૂમ નં. ૪૨, મુનીસીપાલ ક્વાર્ટર, બગીચાની સામે રૂવાપરી રોડ, ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**
**ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી અબ્દુલભાઈ જીવાભાઈ બિલખીયાએ તેમના ભાઈ સતાર જીવાભાઈ બિલખીયાનો જન્મ તા.૧૩/૦૪/૧૯૬૦ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૨/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી. નં ૨૭૮/૨૦૨૫**
**જ.તા.૧૦/૧૨/૧૯૫૯**

**શ્રી ઈસુબ હસનભાઈ મહેતર,**
**રહે. પરિમલ સોસાયટી, પાલીતાણા**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**
**ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ઈસુબ હસનભાઈ મહેતરએ તેમનો જન્મ તા.૧૦/૧૨/૧૯૫૯ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૨/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી. નં ૨૯૪/૨૦૨૫**
**જ.તા.૦૨/૦૬/૧૯૬૬**

**શ્રી મહેબુબભાઈ ઉમરભાઈ જનેજા,**
**રહે. વડવા, ખોજાની ડેલી, તલાવડીના નાકે, ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**
**ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મહેબુબભાઈ ઉમરભાઈ જનેજાએ તેમના બહેન ઝરીના ઉમરભાઈ જુણેજાનો જન્મ તા.૦૨/૦૬/૧૯૬૬ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૨/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી. નં ૨૯૩/૨૦૨૫**
**જ.તા.૦૧/૦૬/૧૯૬૧**

**શ્રી મુસાભાઈ અમીભાઈ લોંડિયા,**
**રહે. રામજી વૈધ ગલી, સવાઈનગર શેરી, આંબા ચોક, ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**
**ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મુસાભાઈ અમીભાઈ લોંડિયાએ તેમના બહેન હલીમાબેન અમીભાઈ લોડિંયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૧ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૨/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી. નં ૨૪૪/૨૦૨૫**
**જ.તા.૦૩/૦૨/૧૯૫૬**

**શ્રી રજાકભાઈ સુલેમાનભાઈ મહેતર,**
**રહે. ફ્લેટ નં. ૨૦૩, શિફા પેલેસ માળી વાળા ખાંચો સામે નવાપરા, ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**
**ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રજાકભાઈ સુલેમાનભાઈ મહેતરએ તેમનો જન્મ તા.૦૩/૦૨/૧૯૫૬ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૨/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી. નં ૩૦૧/૨૦૨૫**
**જ.તા.૦૪/૧૦/૧૯૭૪**

**શ્રી હૈદરઅલી અસગરઅલી પુંજાણી,**
**રહે. જુનું પખાલીવાડ, હુસૈની એજ્યુકેશન પાસે, સ્ટેશન રોડ, ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**
**ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી હૈદરઅલી અસગરઅલી પુંજાણીએ તેમનો જન્મ તા.૦૪/૧૦/૧૯૭૪ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૨/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી. નં ૩૨૩/૨૦૨૫**
**જ.તા.૨૪/૧૧/૧૯૭૧**

**શ્રી ફરીદાબાનુ ઈનુસભાઈ સૈયદ,**
**રહે. ક્વાર્ટર નં. એ/૭, રૂમનં. ૧૧૧, ગવ. ક્વાટર, જૂની આર.ટી.ઓ. પાસે, નવાપરા ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**
**ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ફરીદાબાનુ ઈનુસભાઈ સૈયદએ તેમના ભાઈ હનીફ હાસમભાઈ ડેરૈયાનો જન્મ તા.૨૪/૧૧/૧૯૭૧ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૨/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**

# ટ્રમ્પે કેનેડા, ગ્રીનલેન્ડ અને વેનેઝુએલાનો યુએસ પ્રદેશ દર્શાવતો નકશો શેર કર્યો

**અમેરિકન પ્રમુખનો સોશિયલ મીડિયામાં મોટો દાવો!**

વોશિંગટન,

મંગળવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના ટ્રૂથ સોશિયલ પ્લેટફોર્મ પર એક પોસ્ટ શેર કરી છે જેમાં અન્ય યુરોપીય નેતાઓ સાથેનો તેમનો જૂનો ફોટોગ્રાફ દર્શાવવામાં આવ્યો છે જેમાં કેનેડા, ગ્રીનલેન્ડ અને વેનેઝુએલાને અમેરિકાના ભાગ તરીકે દર્શાવતા યુએસ ધ્વજ છે. પોસ્ટમાં, ટ્રમ્પ ઓવલ ઓફિસની અંદર બેઠેલા જોવા મળે છે, જેમાં નાટો નેતાઓનો સમાવેશ થાય છે જેમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન, ઈટાલીના જ્યોર્જિયા મેલોની, યુકેના પીએમ કીર સ્ટારમર, યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન, અને અન્ય લોકોનો સમાવેશ થાય છે.

બીજી પોસ્ટમાં, ટ્રમ્પની બાજુમાં તેના ઉપપ્રમુખ જેડી વાન્સ અને રાજ્ય સચિવ માર્કો રુબિયો ગ્રીનલેન્ડમાં યુએસ ધ્વજ ફરકાવતા જોવા મળે છે, જેના પર એક માઈલપોસ્ટ લખેલું છે, "ગ્રીનલેન્ડ યુએસ ટેરિટરી ઈસ્ટ ૨૦૨૬".

વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડના થોડા સમય પછી, ટ્રમ્પે કહ્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્સ દક્ષિણ અમેરિકન દેશ "જ્યાં સુધી આપણે સુરક્ષિત, યોગ્ય અને ન્યાયી સંક્રમણ કરી શકીએ ત્યાં સુધી" રહેશે. બાદમાં, વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવિટે ૮ જાન્યુઆરીએ આ વલણનો પુનરોચ્ચાર કરતા કહ્યું કે, "ટ્રમ્પ વહીવટીતંત્ર વેનેઝુએલાના વચગાળાના અધિકારીઓ સાથે ગાઢ પત્રવ્યવહારમાં છે. વેનેઝુએલામાં વચગાળાના અધિકારીઓ પર અમારી પાસે સ્પષ્ટપણે મહત્તમ નિયંત્રણ છે... તેમના નિર્ણયો યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા નિર્ધારિત રહેશે".

ટ્રમ્પે ગયા વર્ષે સૂચવ્યું હતું કે કેનેડા ૫૧મું યુએસ રાજ્ય બને. ચૂંટણી જીત્યાના થોડા સમય પછી, મે મહિનામાં પીએમ માર્ક કાર્નેએ તેમની પહેલી પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ટ્રમ્પના સૂચનને નકારી કાઢ્યું હતું કે કેનેડા ૫૧મું યુએસ રાજ્ય બને, એમ કહીને કે, "વાસ્તવિકતાથી જરૂરિયાતોને અલગ પાડવી મહત્વપૂર્ણ છે."

મંગળવારે, યુએસ રાષ્ટ્રપતિએ ગ્રીનલેન્ડ વિશે નાટો સેક્રેટરી-જનરલ માર્ક રુટ સાથે ટેલિફોન વાતચીત કરી અને કહ્યું કે તેઓ દાવોસમાં અનેક પક્ષોને મળશે. તેમણે ગ્રીનલેન્ડ પર પોતાના વલણનો પુનરોચ્ચાર કર્યો, તેને અમેરિકન અને વિશ્વ સુરક્ષા માટે અભિન્ન ગણાવ્યું.

ટ્રમ્પનો આ પોસ્ટ ઉત્તર અમેરિકન એરોસ્પેસ ડિફેન્સ કમાન્ડ (NORAD) એ જણાવ્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્સ ગ્રીનલેન્ડના એક મુખ્ય લશ્કરી બેઝ પર વિમાન તૈનાત કરવા માટે તૈયાર છે, તેના કલાકો પછી આવ્યો, જ્યારે યુએસ રાષ્ટ્રપતિ દ્વારા અર્ધ-સ્વાયત્ત ડેનિશ પ્રદેશ હસ્તગત કરવાના પગલા બાદ વધતા તણાવ વચ્ચે.

ઉત્તર અમેરિકન એરોસ્પેસ ડિફેન્સ કમાન્ડ (NORAD) અનુસાર, વિમાન "ટૂંક સમયમાં પિટુફિક સ્પેસ બેઝ પર પહોંચશે" જેથી વિવિધ લાંબા આયોજિત પ્રવૃત્તિઓને ટેકો આપી શકાય.

"ખંડીય યુનાઈટેડ સ્ટેટ્સ અને કેનેડામાં બેઝથી સંચાલિત વિમાનો સાથે, તેઓ વિવિધ લાંબા આયોજિત NORAD પ્રવૃત્તિઓને ટેકો આપશે, જે યુનાઈટેડ સ્ટેટ્સ અને કેનેડા, તેમજ ડેનમાર્ક રાજ્ય વચ્ચેના સ્થાયી સંરક્ષણ સહયોગ પર નિર્માણ કરશે," કમાન્ડે ૪ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું.

NORAD એ ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રવૃત્તિ ડેનમાર્ક સાથે સંકલિત કરવામાં આવી હતી અને ગ્રીનલેન્ડની સરકારને અગાઉથી જાણ કરવામાં આવી હતી. "આ પ્રવૃત્તિ ડેનમાર્ક રાજ્ય સાથે સંકલિત કરવામાં આવી છે, અને તમામ સહાયક દળો જરૂરી રાજદ્વારી મંજૂરીઓ સાથે કાર્ય કરે છે.

# શાર્કના હુમલા બાદ ઓસ્ટ્રેલિયાએ પૂર્વ કિનારાના ડઝનબંધ દરિયાકિનારા બંધ કર્યા

**સિડનીના ઉત્તરી દરિયાકિનારા પર ફેલાયેલા કાઉન્સિલ વિસ્તાર અને નોર્ધન બીચના બધા બીચ આગામી સૂચના સુધી બંધ**

સિડની,

ઓસ્ટ્રેલિયાના પૂર્વ કિનારા પર, જેમાં સિડનીનો પણ સમાવેશ થાય છે, બે દિવસમાં ચાર શાર્ક હુમલાઓ બાદ બંધ કરવામાં આવ્યા હતા, કારણ કે ભારે વરસાદને કારણે પાણી વાદળછાયું હતું અને પ્રાણીઓને આકર્ષવાની શક્યતા વધુ હતી.

સિડનીથી લગભગ ૪૦૦ કિમી (૨૫૦ માઈલ) ઉત્તરમાં આવેલા પોર્ટ મેક્વેરીની આસપાસના દરિયાકિનારા, દિવસની શરૂઆતમાં સર્ફિંગ કરતી વખતે એક વ્યક્તિને કરડ્યા બાદ બંધ કરવામાં આવ્યા હતા. આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે તે સ્થિર સ્થિતિમાં હોસ્પિટલમાં છે.

"જો તમે તરવા જવાનું વિચારી રહ્યા છો, તો સ્થાનિક પૂલમાં જવાનું વિચારો કારણ કે આ તબક્કે, અમે સલાહ આપી રહ્યા છીએ કે દરિયાકિનારા અસુરક્ષિત છે," સર્ફ લાઈફ સેવિંગ ન્યૂ સાઉથ વેલ્સ (NSW) ના ચીફ એક્ઝિક્યુટિવ સ્ટીવન પીયર્સે મંગળવારે પત્રકારોને જણાવ્યું હતું."અમારી પાસે પાણીની ગુણવત્તા એટલી નબળી છે કે તે ખરેખર કેટલીક બુલ શાર્ક પ્રવૃત્તિ માટે અનુકૂળ છે."

દક્ષિણ ગોળાર્ધ ઉનાળાની મધ્યમાં બંધ કરવામાં આવે છે, જ્યારે ઓસ્ટ્રેલિયામાં દરિયાકિનારા સામાન્ય રીતે સ્થાનિકો અને પ્રવાસીઓથી ભરેલા હોય છે.સોમવારે સાંજે, સિડનીના મેનલીમાં એક બીચ પર ઈમરજન્સી સેવાઓને બોલાવવામાં આવી હતી, જ્યારે ૨૦ વર્ષના એક સર્ફરને શાર્કે કરડ્યો હોવાના અહેવાલ મળ્યા હતા. પ્રત્યક્ષદર્શી મેક્સ વ્હાઈટે જણાવ્યું હતું કે અન્ય એક સર્ફરે રક્તસ્રાવ રોકવા માટે તેના બોર્ડના પગના દોરડાનો ઉપયોગ કરીને કામચલાઉ ટુર્નીકેટનો ઉપયોગ કરીને તે માણસને જીવતો રાખ્યો હતો.

"તે શ્વાસ લઈ રહ્યો હતો, પરંતુ તે બેભાન હતો, અને અમે ફક્ત ... તેને જાગૃત રાખવાનો પ્રયાસ કર્યો," તેમણે રાજ્ય પ્રસારણકર્તા એબીસીને જણાવ્યું.સોમવારે પણ, એક ૧૦ વર્ષનો છોકરો શાર્ક દ્વારા તેના સર્ફબોર્ડ પરથી પછાડી દેવામાં આવ્યો અને તેમાંથી એક ટુકડો કરડ્યો, જેના કારણે તે સુરક્ષિત રીતે બચી ગયો, જ્યારે એક દિવસ પહેલા, શહેરના બીચ પર કરડ્યા બાદ બીજો છોકરો ગંભીર સ્થિતિમાં છોડી દેવામાં આવ્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે, સિડનીના ઉત્તરી દરિયાકિનારા પર ફેલાયેલા કાઉન્સિલ વિસ્તાર, નોર્ધન બીચના બધા બીચ, આગામી સૂચના સુધી બંધ રહેશે.શાર્કના હુમલાઓ ભારે વરસાદ પછી થાય છે જે બંદર અને નજીકના દરિયાકિનારામાં વહે છે, જેના કારણે કેટલાક હુમલા પાછળ શંકાસ્પદ બુલ શાર્ક માટે આદર્શ પરિસ્થિતિઓ સર્જાય છે. આ પ્રજાતિ ખારા પાણીમાં ખીલે છે. શાર્ક સામાન્ય રીતે મનુષ્યો પર હુમલો કરતી નથી, પરંતુ ગંદુ પાણી તેમની દૃશ્યતા ઘટાડે છે અને તેમના કોઈ વસ્તુ સાથે અથડાવાનું જોખમ વધારે છે, જે સમયે "તેઓ રક્ષણાત્મક અથવા જિજ્ઞાસાપૂર્વક કરડે છે અને પછી ફરીથી કરડે છે", શાર્ક વર્તણૂકના શૈક્ષણિક અને નિષ્ણાત ક્રિસ પેપિન-નેફે સિડની મોર્નિંગ હેરાલ્ડ અખબારમાં એક કોલમમાં લખ્યું છે.

# ટ્રમ્પની ધમકી વચ્ચે યુરોપિયન દેશોએ ગ્રીનલેન્ડમાં સૈનિકો તૈનાત કર્યા

**યુરોપિયન રાષ્ટ્રોએ ચેતવણી આપી છે કે ટ્રમ્પની ધમકીઓ ટ્રાન્સએટલાન્ટિક સંબંધોને નબળી પાડે છે**

લંડન,

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા સ્વાયત્ત ડેનિશ પ્રદેશ ગ્રીનલેન્ડ ખરીદવાની માંગને લઈને યુરોપિયન યુનિયન (EU) અને યુનાઈટેડ સ્ટેટ્સ (US) વચ્ચે તણાવ વધી રહ્યો છે. EU એ અમેરિકન રાષ્ટ્રપતિની માંગનો ઉગ્ર વિરોધ કર્યો છે, જેમણે યુનાઈટેડ કિંગડમ (UK), ફ્રાન્સ, જર્મની, નેધરલેન્ડ અને અન્ય ઘણા યુરોપિયન દેશો પર ૧૦ ટકા ટેરિફ લાદ્યો છે. ટ્રમ્પે કહ્યું છે કે જો તેમની માંગ પૂરી નહીં થાય તો તેઓ ૨૫ ટકા ટેરિફ લાદશે.

"યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા ડેનમાર્ક અને/અથવા આમાંના કોઈપણ દેશો સાથે વાટાઘાટો માટે તાત્કાલિક ખુલ્લું છે જેમણે તેમના માટે ઘણું બધું કર્યું હોવા છતાં, ખૂબ જોખમમાં મૂક્યું છે," ટ્રમ્પે ટ્રૂથ સોશિયલ પર ટેરિફની જાહેરાત કરતી વખતે કહ્યું. જવાબમાં, યુરોપિયન રાષ્ટ્રોએ ચેતવણી આપી છે કે ટ્રમ્પની ધમકીઓ "ટ્રાન્સએટલાન્ટિક સંબંધોને નબળી પાડે છે અને ખતરનાક નીચે તરફ દોરી જાય છે". ડેનમાર્ક, નોર્વે, સ્વીડન, ફ્રાન્સ, જર્મની, યુકે, નેધરલેન્ડ અને ફિનલેન્ડ દ્વારા જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં, યુરોપિયન રાષ્ટ્રોએ કહ્યું કે ટેરિફ અત્યંત ખોટા છે અને તેનાથી ચીન અને રશિયાને ફાયદો થઈ શકે છે. "અમે ડેનમાર્ક રાજ્ય અને ગ્રીનલેન્ડના લોકો સાથે સંપૂર્ણ એકતામાં ઉભા છીએ," તેમણે કહ્યું. "ગયા અઠવાડિયે શરૂ થયેલી પ્રક્રિયાના આધારે, અમે સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાના સિદ્ધાંતો પર આધારિત સંવાદમાં જોડાવા માટે તૈયાર છીએ જેની પાછળ અમે મજબૂત રીતે ઉભા છીએ."

# આસામના કાઝીરંગા ટાઈગર રિઝર્વમાં ૩ રોયલ બંગાળ વાઘ મૃત હાલતમાં મળી આવ્યા

નવી દિલ્હી,

૪ જાન્યુઆરીથી ૧૮ જાન્યુઆરી દરમિયાન આસામના કાઝીરંગા વાઘ અભયારણ્યમાં ત્રણ રોયલ બંગાળ વાઘ મૃત હાલતમાં મળી આવ્યા હતા, અને પ્રાથમિક તપાસમાં આ મૃત્યુનું કારણ આંતરિક લડાઈ હોવાનું જણાવાયું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે કાઝીરંગા જેવા ઉચ્ચ ઘનતાવાળા વાઘ નિવાસસ્થાનોમાં આંતરિક લડાઈને મૃત્યુનું કુદરતી કારણ માનવામાં આવે છે.

૪ જાન્યુઆરીના રોજ, બાગોરીમાં અનામતના પશ્ચિમ રેન્જના પશ્ચિમ બિમોલી વિસ્તારમાંથી એક માદા વાઘનું શબ મળી આવ્યું હતું. રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ સત્તામંડળ (NTCA) ની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) મુજબ રચાયેલી સમિતિએ પોસ્ટમોર્ટમ તપાસ હાથ ધરી હતી, જેમાં સૂચવવામાં આવ્યું હતું કે વાઘનું મૃત્યુ આંતરિક લડાઈને કારણે થયું હતું.

દસ દિવસ પછી, પૂર્વ રેન્જના થુટે ચાપોરી ખાતે બે થી ત્રણ વર્ષનો અંદાજિત રોયલ બંગાળ વાઘ મૃત હાલતમાં મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસ કરનારા પશુચિકિત્સા અધિકારીઓએ સૂચવ્યું હતું કે મૃત્યુ કુદરતી હોઈ શકે છે અથવા આંતરિક લડાઈનું પરિણામ હોઈ શકે છે. ૧૮ જાન્યુઆરીના રોજ, બાગોરીમાં પશ્ચિમ રેન્જના કાઠપોરા વિસ્તારમાંથી બીજી માદા વાઘનું શબ મળી આવ્યું હતું.

# કેન્દ્રીય બજેટ ૨૦૨૬ એક ફેબ્રુઆરીએ રજૂ થશે

નવી દિલ્હી,

આગામી નાણાકીય વર્ષ માટે ભારત સરકારના બ્લુપ્રિન્ટને પ્રતિબિંબિત કરતું કેન્દ્રીય બજેટ, અથવા વાર્ષિક નાણાકીય નિવેદન, રવિવાર, ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ સવારે ૧૧ વાગ્યે સંસદમાં રજૂ થવાનું છે.

ઈતિહાસમાં પહેલી વાર એવું બન્યું છે કે છેલ્લા કેટલાક વર્ષોથી સ્થાપિત ૧ ફેબ્રુઆરીની પરંપરાને અનુસરીને, રવિવારે બજેટ રજૂ કરવામાં આવશે.

મીડિયા બ્રીફિંગ અનુસાર, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે બજેટ રજૂ કરવાની તારીખ અને સમયની પુષ્ટિ કરી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સંબોધનથી શરૂ કરીને, બજેટ સત્રનો પ્રથમ તબક્કો ૨૮ જાન્યુઆરીએ શરૂ થશે અને ૧૩ ફેબ્રુઆરીએ સમાપ્ત થશે, જે પછી વિરામ અને ત્યારબાદ બીજો તબક્કો હશે, કેન્દ્રીય સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ ૯ જાન્યુઆરીએ જણાવ્યું હતું. બીજો તબક્કો ૯ માર્ચથી શરૂ થશે અને ૨ એપ્રિલ સુધી ચાલુ રહેશે.

ક્યારે અને ક્યાં બજેટ જોવું?

વ્યાપાર ઉત્સાહીઓ અને સામાન્ય જનતા ૧ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧ વાગ્યે સત્તાવાર સંસદ ચેનલ, સંસદ ટીવી પર કેન્દ્રીય બજેટ ૨૦૨૬ ની રજૂઆતનું લાઈવ પ્રસારણ જોઈ શકે છે.

આ પ્રસારણ ટીવી અને યુટ્યુબ અને એક્સ (અગાઉ ટ્વિટર) જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વિવિધ સમાચાર માધ્યમો પર પણ ઉપલબ્ધ થશે. આ ઉપરાંત, દર્શકો સત્તાવાર વેબસાઈટઃ www. indiabudgª. gov. in પર કેન્દ્રીય બજેટ ૨૦૨૬ ની લાઈવ પ્રસ્તુતિ પણ જોઈ શકે છે.

બજેટ શું છે?

કેન્દ્રીય બજેટ એ કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરાયેલા નિવેદનનો સંદર્ભ આપે છે જે આગામી નાણાકીય વર્ષ માટે તેના પ્રસ્તાવિત ખર્ચ અને આવકને રેખાંકિત કરે છે, જે ૧ એપ્રિલથી શરૂ થાય છે અને આગામી વર્ષના ૩૧ માર્ચના રોજ સમાપ્ત થાય છે.

ભારતના નાણામંત્રી, હાલમાં નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરાયેલ, તે એક વ્યાપક દસ્તાવેજ છે જે સરકારની નીતિઓ રજૂ કરે છે. બંધારણના અનુચ્છેદ ૧૧૨ મુજબ, ભારતના રાષ્ટ્રપતિએ વાર્ષિક નાણાકીય નિવેદન (બજેટ) સંસદ સમક્ષ રજૂ કરાવવાની ફરજ પાડી છે.

# પીએમ મોદીના સુધારા ભારતની નવી ઊંચાઈને બળ આપશે

નવું વર્ષ ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ ક્ષેત્રમાં નવો આત્મવિશ્વાસ અને આશાવાદ લાવ્યું છે. ૨૦૨૫માં લેવામાં આવેલા નિર્ણાયક પગલાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વેપાર અને રોકાણને વેગ આપવા, નાના વ્યવસાયો અને સ્ટાર્ટઅપ્સ માટે વૈશ્વિક બજારની પહોંચ વધારવા, નોકરીઓનું સર્જન કરવા અને દરેક નાગરિક માટે જીવન સરળ બનાવવાના મિશનને આગળ વધારવા માટે તૈયાર છે.

**સ્ટાર્ટઅપ્સ ઘણી સમસ્યાઓનું નિરાકરણ લાવી રહ્યા છે અને ભારતીય અર્થતંત્રને મજબૂત અને આત્મનિર્ભર બનાવવામાં મદદ કરી રહ્યા છે**

મોદી સરકારની એક મોટી પહેલ સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવાની છે. આજે, ભારતમાં ૨૦૦,૦૦૦થી વધુ સરકાર દ્વારા માન્ય સ્ટાર્ટઅપ્સ. જેમ કે પીએમએ સ્ટાર્ટઅપ ઈન્ડિયાની ૧૦મી વર્ષગાંઠ પર કહ્યું હતું કે, આપણાં સ્ટાર્ટઅપ્સ ઘણી સમસ્યાઓનું નિરાકરણ લાવી રહ્યા છે અને ભારતીય અર્થતંત્રને મજબૂત અને આત્મનિર્ભર બનાવવામાં મદદ કરી રહ્યા છે.

સ્ટાર્ટઅપ્સને ટેકો આપવો એ મોદી સરકારની આર્થિક વૃદ્ધિને વેગ આપવા, રોજગારીનું સર્જન કરવા અને દરેક નાગરિક, ખાસ કરીને ગરીબોના જીવનમાં સુધારો લાવવાની વિશાળ વ્યૂહરચનાનો એક ભાગ છે.

૨૦૨૫ એક મહત્વપૂર્ણ વર્ષ હતું કારણ કે ભારતે ૨૦૧૪થી પ્રધાનમંત્રી મોદીના નિર્ણાયક નેતૃત્વ હેઠળ પરિવર્તનની સફર શરૂ કરી હતી. બોલ્ડ નિર્ણયો અને ગેમ-ચેન્જિંગ સુધારાઓ દ્વારા, અમારી સરકારે વ્યવસાયિક વાતાવરણને ફરીથી આકાર આપ્યો છે જ્યારે ખાતરી કરી છે કે દરેક નીતિ નાગરિકો, ખાસ કરીને ગરીબોના જીવનને સુધારવામાં ફાળો આપે છે.

ભારત હવે વૈશ્વિક સ્તરે ધ્યાન આકર્ષિત કરી રહ્યું છે અને એક વિશ્વસનીય ભાગીદાર તરીકે ઓળખાઈ રહ્યું છે. વૈશ્વિક અનિશ્ચિતતા હોવા છતાં ભારતની કુલ નિકાસ ૨૦૨૪-૨૫માં ૬ ટકા વધીને રેકોર્ડ જીહ્ર ૮૨૫.૨૫ બિલિયન થવાનો અંદાજ છે, જે વૃદ્ધિની ગતિ જાળવી રાખે છે. નિકાસકારોને વધુ ટેકો આપવા માટે, સરકારે ?૨૫,૦૬૦ કરોડના નિકાસ પ્રમોશન મિશનની જાહેરાત કરી.

ધ રિપીલિંગ એન્ડ એમેન્ડમેન્ટ એક્ટ-૨૦૨૫એ ૭૧ જૂના કાયદાઓ રદ કર્યા, જેમાંથી કેટલાક ૧૮૮૬થી છે. જાહેર વિશ્વાસ પહેલ હેઠળ, મોદી સરકારે ઘણા નાના ગુનાઓ માટે ફોજદારી જોગવાઈઓ દૂર કરી છે. આ સુધારાઓ શાસનમાં સુધારો કરે છે, વ્યવસાય કરવાની સરળતાને પ્રોત્સાહન આપે છે અને ખાતરી કરે છે કે ભારતનું કાનૂની માળખું આધુનિક અર્થતંત્ર સાથે ગતિ રાખે છે. આ પ્રક્રિયા આ વર્ષે ચાલુ રહેશે વધુ સુધારા માટે આવી સેંકડો જોગવાઈઓની સમીક્ષા કરવામાં આવી રહી છે.

ગયા વર્ષે સંસદના ચોમાસા સત્ર દરમિયાન, શિપિંગ અને બંદરો સંબંધિત પાંચ મુખ્ય બિલ પસાર કરવામાં આવ્યા હતા. આ કાયદાઓ દસ્તાવેજીકરણને સરળ બનાવે છે, વિવાદના નિરાકરણને સરળ બનાવે છે અને લોજિસ્ટિક્સ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરે છે. કોમર્સ ક્ષેત્રમાં, ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડએ પારદર્શક, અનુકૂળ નીતિઓ દ્વારા નિકાસકારોને સક્રિયપણે સપોર્ટ કર્યો છે, પરિણામે બિઝનેસ કરવામાં સરળતા વધી છે.

આ પહેલો આપણા વેપારીઓ, નાના વ્યવસાયો અને સ્ટાર્ટઅપ્સની ઉદ્યોગસાહસિક ભાવનાને મુક્ત કરી રહી છે, જેઓ હવે ભારે પાલન આવશ્યકતાઓના બોજ અને નાની ભૂલો માટે પણ જેલમાં જવાના ડરથી દબાઈ જવાને બદલે તેમના કામ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે.

ભારતની વેપાર અને રોકાણ વ્યૂહરચનાનો મુખ્ય સિદ્ધાંત સ્થાનિક ઉદ્યોગસાહસિકો, ખાસ કરીને નાના વ્યવસાયો, સ્ટાર્ટઅપ્સ, ખેડૂતો અને કારીગરોને પ્રોત્સાહન આપવાનો છે અને તેમને વૈશ્વિક સ્તરે સફળ થવા માટે સશક્ત બનાવવાનો છે. આ વિઝનને પૂર્ણ કરવા માટે, ભારતે ગયા વર્ષે ત્રણ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) પર હસ્તાક્ષર કર્યા હતા, જેનાથી ભારતીય સામાનને યુકે, ન્યુઝીલેન્ડ અને ઓમાનના વિકસિત બજારોમાં ડ્યુટી-ફ્રી એક્સેસ મળ્યું હતું.

FTA પણ સુધારા પ્રક્રિયાનો એક ભાગ છે. અગાઉ, UPA સરકારે



શ્રી પીયૂષ ગોયલ
વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી,
કેન્દ્ર સરકાર

રાષ્ટ્રીય હિતને અવગણીને, વૈશ્વિક સ્તરે ભારત સાથે સ્પર્ધા કરતા દેશો સાથે આડેધડ કરારો પર હસ્તાક્ષર કર્યા હતા. મોદી સરકારે વિકસિત દેશો સાથે હ્રછને યોગ્ય રીતે પ્રાથમિકતા આપી છે અને વિન-વિન ડીલ સાઈન કરી છે.

આ FTAs રોજગાર સર્જનને વેગ આપશે, રોકાણને વેગ આપશે અને સમગ્ર ભારતમાં નાના વ્યવસાયો, વિદ્યાર્થીઓ, મહિલાઓ, ખેડૂતો અને યુવાનો માટે પરિવર્તનશીલ તકો ખોલશે. દરેક કરાર પર વ્યાપક હિસ્સેદારોની સલાહ લીધા પછી વાટાઘાટો કરવામાં આવી હતી, જેમાં સંતુલિત પરિણામો અને વિકસિત વિશ્વ સાથે ખરેખર ફાયદાકારક સંબંધ સુનિશ્ચિત કરવામાં આવ્યા હતા.

આ કરારો ઉપરાંત, ૨૦૨૪માં હસ્તાક્ષર કરાયેલ સ્વિટ્ઝર્લેન્ડ, નોર્વે, આઈસલેન્ડ અને લિક્ટેંસ્ટાઈન ધરાવતા યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન (EFTA) સાથે FTA પણ અમલમાં મૂકવામાં આવ્યો છે. તમામ FTAsની એક સામાન્ય વિશેષતા ભારતના કૃષિ અને ડેરી ક્ષેત્રનું રક્ષણ છે, જેમાં ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા જેવા મુખ્ય વૈશ્વિક ડેરી નિકાસકારો સાથેના કરારોનો સમાવેશ થાય છે.

આ ટ્રેડ એગ્રીમેન્ટ દ્વારા, ભારતીય નિકાસને તાત્કાલિક અથવા ઝડપી ટેરિફ નાબૂદીનો લાભ મળે છે, જ્યારે કે ભારતનું પોતાનું માર્કેટ ખોલવું પ્રમાણબદ્ધ અને ધીમે-ધીમે થાય છે. ન્યુઝીલેન્ડે આગામી ૧૫ વર્ષોમાં US$20 બિલિયન વિદેશી સીધા રોકાણનું વચન આપ્યું છે, જે EFTA દેશો સાથે ભારતના FTAમાં રજૂ કરાયેલ નવીન રોકાણ-સંકળાયેલ જોગવાઈઓને પ્રતિબિંબિત કરે છે. આ રોકાણ કૃષિ, ડેરી, MSME, શિક્ષણ, રમતગમત અને યુવા વિકાસને ટેકો આપશે, જે મોટા પાયે અને સમાવિષ્ટ વિકાસને સુનિશ્ચિત કરશે.

છેલ્લા ૧૧ નાણાકીય વર્ષોમાં ૨૦૨૪-૨૫ સુધી, ભારતે US$748 બિલિયન વિદેશી સીધા રોકાણ આકર્ષ્યું - જે પાછલા ૧૧ વર્ષમાં પ્રાપ્ત થયેલા US$308 બિલિયન કરતા લગભગ અઢી ગણું છે.

આ મહત્વપૂર્ણ છે કારણ કે મોદી સરકારને વારસામાં નબળા સંચાલનથી પીડાતી અર્થવ્યવસ્થા મળી હતી અને એક સમયે તે વિશ્વના "નબળા પાંચ" દેશોમાં સ્થાન ધરાવતી હતી. યુપીએ શાસન દરમિયાન વારંવારના આર્થિક આંચકાઓને કારણે વિકસિત દેશોએ ભારત સાથે વેપાર વાટાઘાટોમાંથી ખસી જવું પડ્યું. કેન્દ્રિત, ભ્રષ્ટાચારમુક્ત શાસન, બોલ્ડ સુધારાઓ અને નાણાકીય શિસ્ત દ્વારા, પીએમ મોદીએ ભારતીય અર્થતંત્રમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કર્યો, જેના કારણે ભારત વ્યવસાય અને રોકાણ માટે એક પસંદગીના સ્થળ તરીકે ઉભરી આવ્યું.

ગરીબોને મદદ કરવા માટે સુધારા. ભારતે ૨૦૨૫ વર્ષ ઉચ્ચ સ્તરે પૂર્ણ કર્યું, જાપાનને પાછળ છોડીને

**સ્ટાર્ટઅપ્સને ટેકો આપવો એ મોદી સરકારની આર્થિક વૃદ્ધિને વેગ આપવા, રોજગારીનું સર્જન કરવા અને દરેક નાગરિક, ખાસ કરીને ગરીબોના જીવનમાં સુધારો લાવવાની વિશાળ વ્યૂહરચનાનો એક ભાગ**

વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની અને જર્મનીને પણ પાછળ છોડી દેવાના માર્ગ પર છે. સૌથી અગત્યનું, યુપીએ શાસનથી વિપરીત, આર્થિક લાભો સૌથી ગરીબ લોકો સુધી પહોંચ્યા છે, ખાસ કરીને ગ્રામીણ ભારતમાં.

કામદારો માટે લાભો વધારવા માટે, મોદી સરકારે ઐતિહાસિક શ્રમ સુધારાઓ લાગુ કર્યા છે, જેમાં ૨૯ ખંડિત કાયદાઓને ચાર આધુનિક કોડમાં મર્જ કરવામાં આવ્યા છે. વાજબી વેતન, સમયસર ચુકવણી, સામાજિક સુરક્ષા અને સલામતી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આનાથી કાર્યબળમાં મહિલાઓની વધુ ભાગીદારીપણ સુનિશ્ચિત થશે.

GST સુધારાઓથી દરેક ભારતીય નાગરિકને ફાયદો થયો છે, જેનાથી સ્પષ્ટ બે-સ્તરીય માળખું બન્યું છે જે ઘરો, MSME, ખેડૂતો અને શ્રમ-સઘન ક્ષેત્રો પરનો બોજ હળવો કરશે.

૨૦૨૫નું વર્ષ સેતુ નિર્માણનું વર્ષ હતુંઃ સ્થાનિક ઉદ્યોગો અને વૈશ્વિક માંગ વચ્ચે; નીતિ સુધારણા અને ડિજિટલ સશક્તિકરણ વચ્ચે; અને ઉભરતા નાના વ્યવસાયો અને આંતરરાષ્ટ્રીય બજારો વચ્ચે. આગળ વધુ રોમાંચક બાબતો જોવા મળવાની છે. નીતિ આયોગના સભ્ય રાજીવ ગૌબાની અધ્યક્ષતામાં એક પેનલ વિવિધ સુધારાઓનો અભ્યાસ કરી રહી છે. આ પીએમ મોદીના સુધારા અભિયાનને વધુ વેગ આપશે. જેમ-જેમ ભારત આગળ વધે છે, તેમ-તેમ તેની પાસે સ્પર્ધાત્મક વેપાર, નવીન ઉદ્યોગ અને મજબૂત અર્થતંત્ર દ્વારા વિકસિત, આત્મવિશ્વાસુ અને આત્મનિર્ભર ભારત બનાવવાનું સ્પષ્ટ વિઝન છે. ભારતના નિકાસકારો, ઉત્પાદકો, ખેડૂતો અને સેવા પ્રદાતાઓની સફળતા એ દેશની સફળતા છે.

ભારત ફક્ત ભવિષ્ય માટે તૈયારી કરી રહ્યું નથી; તે તેને આકાર આપી રહ્યું છે. નિર્ણાયક નેતૃત્વ, મુખ્ય સુધારાઓ અને સ્પષ્ટ વૈશ્વિક વ્યૂહરચના સાથે, દેશની મહત્વાકાંક્ષાને ક્રિયા દ્વારા સમર્થન આપવામાં આવે છે. જેમ-જેમ ભારત વેપાર કરે છે, ઉત્પાદન કરે છે, નવીનતાઓ કરે છે અને વિશ્વ સાથે જોડાય છે, તેમ-તેમ તે એક મજબૂત, આત્મનિર્ભર અને આત્મવિશ્વાસુ રાષ્ટ્ર તરીકે પોતાની શરતો પર આમ કરે છે.

રોબોટિક સર્જરી
ડૉ. કેવલ પરમાર
એમ.એસ. ઓર્થોપેડીક (ગોલ્ડ મેડાલીસ્ટ)
ટ્રોમા એન્ડ રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
ઘૂંટણ બદલવાનું ઓપરેશન
કે.પી હોસ્પિટલ નિલમબાગ સર્કલ ભાવનગર (278) 2424108 / 7265833325

ભાવનગર આવૃત્તિ 8 તા.૨૧-૦૧-૨૦૨૬, બુધવાર
LEELA NEWS NETWORK P. LTD
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર
બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫

EFCEE SAROVAR PREMIERE Bhavnagar A SAROVAR HOTEL
Iscon Mega City, Opp. Victoria Park, Bhavagar - 364002
Reservations : +91 7575005171
esp@sarovarhotels.com


# માણેકવાડીના ફ્લેટમાંથી રોકડા રૂ. ૫.૫૦ લાખ સહિત ૯.૫૦ લાખના મુદ્દામાલની ચોરી

## ટેરેસમાંથી બે બુરખાધારી મહિલા વેપારીના બંધ ફ્લેટમાં ઘૂસી અને હાથફેરો કરી ગઈ, સીસીટીવી ફૂટેજ હાથ લાગ્યા

ભાવનગર,તા.૨૧

ભાવનગર શહેરના માણેકવાડી સર્કલમાં આવેલ ફ્લેટમાં રહેતા વેપારીના બંધ મકાનમાં બે કાળા બુરખાધારી અને નકાબ બાંધેલી મહિલાઓએ ટેરેસ મારફત પ્રવેશી ઘરમાંથી રોકડ અને સોનાના દાગીના મળી રૂ.સાડા નવ લાખની ચોરી કરી પલાયન થયાની ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે. પોલીસે બુરખાધારી બંને અજાણી મહિલાઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે પોલીસ મથકેથી જાણવા મળતી વિગતો મુજબ શહેરના માણેકવાડી સર્કલમાં આવેલ ઈનાયા બિલ્ડિંગના ૬૦૨ નંબરના ફ્લેટમાં રહેતા અને વીઆઈપી પાર્ક, મોતીતળાવમાં વેપાર કરતા મહંમદ આસિફ અબ્દુલગની ફતાણી ઉ.વ. ૫૧ વાળાએ ઘોઘારોડ પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે ગત તા.૮ જાન્યુઆરીના રોજ તેઓ પરિવાર સાથે વડોદરા ખાતે લગ્ન પ્રસંગે ઘરને લોક કરીને ગયા હતા. અને તા.૧૦ના રોજ રાત્રીના પરત આવ્યા હતા અને ૧૨ તારીખે તેઓને તેમના ઘરમાં ચોરી થયાનું જાણવા મળતા બેડરૂમના કબાટમાં તપાસ કરતા કબાટમાંથી રોકડા રૂ.૫,૫૦ લાખ તથા રૂ.૪ લાખના સોનાના દાગીના મળી કુલ રૂ ૯.૫૦ લાખની ચોરી થયાનું જાણવા મળેલ. આથી તેમણે ફ્લેટના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરતા તા. ૯ના રોજ રાત્રીના ૯-૩૪ મિનિટે બે અજાણી કાળા બુરખા પહેરેલી અને મોં પર નકાબ બાંધેલી મહિલાઓ ફ્લેટમાં આવી અને લિફ્ટમાં સાતમા માળે ગયેલ અને ત્યાંથી આઠમા માળે દાદરો ચડીને ગયેલ ત્યાંથી તેના ટેરેસમાં ઉતારી જૂલાનાં સહારે અંદર પ્રવેશી કબાટમાંથી રોકડ અને દાગીના ચોરી કરી રાત્રીના ૧૦-૪૬ મિનિટે બહાર નીકળેલ તેવા ફૂટેજ મળી આવેલ. આ અંગેની ફરિયાદ નોંધાવેલ.

ઘોઘારોડ પોલીસ મથકમાં મહંમદ આસિફ અબ્દુલગની ફતાણીએ ફરિયાદ નોંધાવતા ઘોઘારોડ પોલીસ દ્વારા બંને બુરખાધારી અને નકાબ બાંધેલી અજાણી મહિલાઓ સામે બીએનએસની કલમ ૩૩૧-૪, ૩૦૫-એ સાથે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બુરખા ધરી મહિલાઓ દ્વારા શિયાળાના સમયમાં કડકડતી ઠંડીમાં રાત્રીના સમયે ફ્લેટમાં પ્રવેશી ચોરી કરવાના બનાવથી ચકચાર મચી જવા પામેલ છે.


તસવીર : ધવલ વાજા

# બગદાણા પ્રકરણમાં પુછતાછ માટે વધુ બે શખ્સને બોલાવાયા : જયરાજ આહીરને બોલાવાયા હોવાની વાતો ચાલતા આઈજી કચેરીએ મિડીયા કર્મીઓના ધામા

## મહુવાના ચેતન સોની-સગર અને રામભા વાળાને એસઆઈટી દ્વારા પુછતાછ માટે બોલાવાયા

ભાવનગર,તા.૨૧

બહુચર્ચિત અને હાઈ પ્રફોઈલ બનેલા બગદાણા હુમલા પ્રકરણમાં એસઆઈટી દ્વારા તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે. ધીમી છતા મક્કમ ગતીએ પોલીસ તપાસ ચાલી રહી હોય તેવો નિર્દેશ મળી રહ્યો છે. જેમાં કથીત આરોપી જયરાજ આહીરને પુછતાછ માટે આજે પોલીસે બોલાવ્યા હોવાની ભારે અફવા ચાલી હતી. જેના પગલે આઈજી કચેરીએ સવારથી જ મીડીયા કર્મીઓનો પડાવ જોવા મળ્યો હતો. જો કે, સત્તાવાર વિગતો મુજબ એસઆઈટી દ્વારા મહુવાના ચેતન સોની (સગર) અને રામભા વાળા નામના બે શખ્સાને માત્ર પુછતાછ માટે બોલાવાયા હોવાનું જાણવા મળ્યુ છે.

સમગ્ર ગુજરાતમાં ચકચારી બનેલા બગદાણા હુમલા પ્રકરણમાં રાજકારણ ગરમાયા બાદ તપાસનો દૌર એસઆઈટીના હાથમાં છે. રેન્જ આઈજીના સીધા માર્ગદર્શન તળે એસઆઈટીની ટીમ તપાસ ચલાવી રહી છે દરમિયાનમાં અત્યાર સુધીમાં ૧૧ આરોપીની અટકાયત થઈ છે અને આ કેસમાં નવી કલમનો પણ ઉમેરો પણ થયો છે. જો કે, પીડીત નવનીત બાલધીયાના આક્ષેપ મુજબ મુખ્ય આરોપી તરીકે હજુ સુધી લોક સાહિત્યકાર માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહીરનું નામ સત્તાવાર રીતે ખુલ્યુ નથી પરંતુ આજે જયરાજ આહીરને આઈજી કચેરીએ પુછતાછ માટે બોલાવાયા હોવાની ભારે અફવા ચાલી હતી. જેના પગલે મિડીયા કર્મીઓએ મોટી સંખ્યામાં આઈજી કચેરીએ પડાવ નાખ્યો હતો. દરમિયાનમાં આ સંદર્ભે તપાસ કરાતા જાણવા મળ્યુ હતું કે જયરાજ આહીરને પુછતાછ માટે બોલાવાયા હોવાની કોઈ વાત નથી. પરંતુ મહુવાના ચેતન સોની અને રામભા વાળા નામના શખ્સને આ કેસ સંદર્ભે પુછતાછ માટે બોલાવાયા છે. આ ગુનામાં તેઓની સંડોવણી ખુલશે તો એસઆઈટી દ્વારા આગળની કાર્યવાહી સંભવ છે. ઉલ્લેખનિય છે કે અત્યાર સુધીમાં આ કેસમાં સત્તાવાર ૧૧ આરોપીની ધરપકડ થઈ છે, તત્કાલીન સમયે ફરજ બજાવતા પીઆઈ ડાંગર અને પીઆઈ પટેલને પણ નોટીસ આપી આઈજી કચેરીએ બોલાવી એસઆઈટીએ પુછતાછ કરી છે. જ્યારે તાજેતરમાં પિડીત નવનીત બાલધીયાને પણ બોલાવી એસઆઈટીએ નિવેદન નોંધવા સાથે પુછતાછ કરી હતી. હાઈ પ્રોફોઈલ બનેલા આ કેસના ઘેરા પડઘા બન્યા છે અને રાજકારણ ગરમાયેલું છે. આ પ્રકરણમાં આખરે આક્ષેપ મુજબ જયરાજ આહીરની સંડોવણી ખુલ્લે છે કે કેમ ? તેના પર સૌની નજર છે.


તસવીર : ધવલ વાજા

# તળાજા કોર્ટે પુરાવાના અભાવે ૩૫.૫૦ લાખના ફ્રોડ કેસમાં આરોપીને નિર્દોષ છોડ્યા

## રિકવર થયેલા ૧૦ લાખ ત્રણ દિવસમાં ફરિયાદીએ પરત કરવા પડશે



ભાવનગર,તા.૨૧

તળાજા કોર્ટે ૩૫.૫૦ લાખના કથિત ફ્રોડ કેસમાં આરોપી બાલેશ્વરી ઉર્ફે બાલેશ્વ યાદવને નિર્દોષ જાહેર કર્યા હતા. પુરાવાના અભાવે આરોપીને લાભ મળ્યો હતો. આ કેસ ફરિયાદી બળવંત ભગવાનભાઈ ડોડીયા દ્વારા આરોપી બાલેશ્વરી ઉર્ફે બાલેશ્વ યાદવ વિરુદ્ધ દાખલ કરવામાં આવ્યો હતો, જેમાં ફ્રોડનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

કોર્ટમાં ચાલેલી સુનાવણી દરમિયાન રજૂ કરાયેલા પુરાવા આરોપી વિરુદ્ધ ગુનો સાબિત કરવા માટે પૂરતા ન હોવાનું જણાયું હતું. આથી, ન્યાયાલયે આરોપીને નિર્દોષ છોડી મૂકવાનો આદેશ આપ્યો.આ ચુકાદા સાથે, કોર્ટે ફરિયાદી બળવંત ભગવાનભાઈ ડોડીયાને પણ એક મહત્વપૂર્ણ આદેશ આપ્યો છે. ફરિયાદીએ કેસ દરમિયાન રિકવર કરેલા ૧૦ લાખ ત્રણ દિવસની અંદર આરોપીને પરત કરવા પડશે.

# શહેરના રાણીકા વિસ્તારમાં ટ્રકે અડફેટે લેતા બાઈક ચાલક યુવાનનું કરુણ મોત

## અકસ્માત બાદ લોકોના ટોળા એકત્રિત થયા: પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૧

શહેરના રાણીકા વિસ્તારમાં કોઠીનાં ઝાડ પાસે આજે સવારે એક ટ્રક ચાલકે બાઈક સવારને અડફેટે લેતા બાઈક ચાલક ટ્રકના વ્હીલ નીચે આવી જતા ચગદાઈ જતા ઘટના સ્થળેજ તેનું કમકમાટી ભર્યું મોત થયું હતું. અકસ્માતના બનાવને લઈને લોકોના ટોળા એકઠા થયા હતા. અને પોલીસને જાણ કરાતા તુરંત પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી ગયો હતો.

બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ શહેરના કલ્યાણ ભટ્ટના ખાંચામાં, હવેલીવાળી શેરીમાં, ભાગાતળાવ વિસ્તારમાં રહેતા પ્રદીપ મહેશભાઈ પડધરીયા નામનો યુવાન આજે સવારે પોતાનું બાઈક લઈને જય રહ્યો હતો ત્યારે રાણિક કોઠીનાં ઝાડ પાસે પહોંચતા ત્યાંથી પસાર થઈ રહેલા ટ્રકે પુરઝડપે ચલાવી બાઈક ચાલકને અડફેટે લેતા બાઈક ચાલક પ્રદીપભાઈ ટ્રકના વ્હીલ નીચે આવી જતા ચગદાઈ જતા ઘટના સ્થળેજ તેમનું કમકમાટી ભર્યું મોત થયું હતું. અકસ્માતનો બનાવ બનતાજ લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને તુરંત પોલીસને જાણ કરતા ગંગાજળિયા પોલીસ મથકનો સ્ટાફ ઘાટાં સ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાગળો તૈયાર કરી મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડવાની તેમજ ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરેલ.

# ભાવનગર પોલીસ વિભાગનું આઇજી દ્વારા હાથ ધરાયું વાર્ષિક ઇન્સ્પેક્શન





તસવીર : ધવલ વાજા

ભાવનગર રેન્જમાં આઈજી ગૌતમ પરમાર દ્વારા. ભાવનગર પોલીસ વિભાગ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આજે ભાવનગર પોલીસ ગ્રાઉન્ડ ખાતે જિલ્લાભરના પોલીસ મથકનું વાર્ષિક ઈન્સ્પેક્શન હાથ ધરવામાં આવ્યું હતું. આવ્યું હતુ જેમાં ભાવનગર શહેર અને જિલ્લાભરના પોલીસ અધિકારીઓ ઉપસ્થિ રહ્યા હતા જેમાં આઈજીએ તમામને માર્ગદર્શન આપ્યું હતું.

# પરિણીતાએ તબીબ પતિ,સાસુ, સસરા અને નણંદ સામે નોંધાવી ફરિયાદ

ભાવનગર,તા.૨૧

પાલિતાણા રહેતી પરિણીતાને લગ્નના બે જ માસમાં રસોઈ બનાવવા તેમજ અન્ય કોઈ કારણોસર દામનગરના તબિબ પતિ સહિત સાસરીયાઓએ શારિરીક-માનસિક ત્રાસ ગુજાર્યો હતો. તેમજ પુત્રવધુને શાળાએ તેડવા ગયેલા સસરાએ રસ્તામાં બાઇક ઉભું રાખી પુત્રવધુને ધાકધમકીથી ચોકલેટ આપી, કોઈને કહેતી નહીં તેવી ધમકી આપી ત્રાસ ગુજારતા પરિણીતાએ તેના પતિ, સાસુ, સસરા અને નણંદ વિરૂદ્ધ પાલિતાણા ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

ભાવનગર જિલ્લાના પાલિતાણા ખાતે રહેતા પ્રિયંકાબેન મેહુલભાઇ સોલંકીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના ગત વર્ષે દામનગર ખાતે રહેતા તબીબ મેહુલભાઇ નાગજીભાઇ સોલંકી સાથે લગ્ન થયા હતા. જે બાદ લગ્નના બે માસના ગાળામાં જ પતિ, સાસુ અને નણંદે રસોઈ બનવાવવી તેમજ અન્ય કોઈને કોઈ કારણોસર શારિરીક તેમજ માનસિક ત્રાસ ગુજાર્યો હતો.

પતિના કહેવાથી પરિણીતાએ શિક્ષકની નોકરી શરૂ કર્યા બાદ પ્રિયંકાબેનને તેમના સસરા બાઈક લઈને શાળાએ તેડવા ગયેલા હતા અને વળતા એક દુકાન ઉપર બાઇક ઉભું રાખી, પરિણીતાની

અનુસંધાન ૬

**રસોઇ બનાવવા તેમજ અન્ય કારણોસર દામનગરના તબિબ પતિ સહિત સાસરીયાઓએ ત્રાસ ગુજાર્યો, સસરાએ મરજી વિરુદ્ધ ચોકલેટ આપી ધમકાવી**

# ભાવનગર કોર્પોરેશનમાં પણ ફિક્સ વેતનનો સમયગાળો ૩ વર્ષ થશે, સભામાં મળશે મંજૂરી

## દુ:ખીશ્યામ બાપા સર્કલથી અધેવાડાના રોડમાં ફોરેસ્ટનું ગ્રહણ દૂર કરવા જમીન ફાળવણીનો થશે નિર્ણય

ભાવનગર,તા.૨૧

ભાવનગર કોર્પોરેશનના ફિક્સ પગાર આધારિત કર્મચારીઓ માટે પાંચ વર્ષના સમયગાળાની પ્રથા શરૂ છે. પરંતુ રાજ્યના અન્ય મહાનગરપાલિકાઓમાં કર્મચારીઓનો ફિક્સ વેતનનો સમયગાળો ૫ વર્ષમાંથી ઘટાડી ૩ વર્ષનો કરવામાં આવ્યો છે જે મુજબ ભાવનગર કોર્પોરેશનમાં પણ ફિક્સ પગારનો અજમાયસી સમયગાળો ત્રણ વર્ષ કરવા માટેનો નિર્ણય આગામી ૩૧મીના રોજ મળનારી સભામાં થશે.

કોર્પો.ની આગામી સાધારણ સભામાં રહેમ રાહે નિમણૂક આપવા ઉપરાંત રાજ્ય સરકારના કર્મચારીઓની જેમ ભાવનગર મહાનગર પાલિકાના કર્મચારીઓને ટ્રાવેલિંગ એલાઉન્સ રિવાઈઝ કરવા, પ્રધાનમંત્રી આવાસ યોજનામાં બાકી રહેતી ૩૧ દુકાનોની જાહેર હરાજી કરવા અને રહેણાકીય તેમજ કોમર્શિયલ નવ લીઝ પટ્ટાની મુદત રીન્યુઅલ કરવામાં આવશે. તેમજ દુ:ખી શ્યામ બાપા સર્કલથી અધેવાડા કોર્પોરેશનની હદ સુધી ઊઝ રોડ આવવા માટે રોડમાં આવતી પ્રોટેક્ટેડ ફોરેસ્ટની જમીન તબદિલ કરી તિલકનગર ડિસ્પોઝલ પૈકીની જમીન રાજ્ય સરકારને વળતર વનીકરણ હેતુએ ફાળવણી કરવાની મંજૂરીનો નિર્ણય કરાશે. અને ૧૮ કાર્યોની ચર્ચા વિચારણા કરીને નિર્ણય કરાશે.

# લોંગડી ટોલનાકા નજીક બંધ ટ્રક પાછળ ટેન્કર ઘુસી જતા ડ્રાઈવર કેબિનમાં ફસાયો: ટ્રાફિક જામ સર્જાયો



તસવીર : ધવલ વાજા

ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર લોંગડી ટોલનાકા નજીક એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર બંધ પડેલા એક ટ્રક પાછળ ઝડપથી આવી રહેલું ટેન્કર ઘૂસી જતાં આ ઘટના બની હતી.અકસ્માત એટલો ભયાવહ હતો કે ટેન્કરની ટક્કરથી ટ્રક પલટી ખાઈ ગયો હતો. આ ઘટનામાં ટેન્કરનો ડ્રાઈવર કેબિનમાં ફસાઈ ગયો હતો.ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો અને સેવાભાવી સંસ્થાઓના કાર્યકરો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. સ્થાનિકો દ્વારા ટેન્કરના ફસાયેલા ડ્રાઈવરને બહાર કાઢવા માટે તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી.આ અકસ્માતના કારણે હાઈવે પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને વાહનવ્યવહારને ભારે અસર પહોંચી હતી. હાઈવે પર ટ્રાફિક જામ જેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી.